


بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

رَبِّ زِدْنِیْ عِلْمًا وَّارْزُقْنِیْ فَهْمًا

**અય મારા રબ! મારું ઈલ્મ વધાર,**
**અને મને સમજદારીની રોજી અતા કર.**



**સરપરસ્ત**

**મર્હૂમ અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) અને પીર સૈયદ મોહંમદ કામરાનહુસૈન જાફરી (મદ્દે.)**



**અખિલ ગુજરાત શીઆ જાફરી મશાયખી મોમિન સમાજનું ગૌરવવંતુ સામયિક**

جعفری آواز

# જાફરી આવાઝ

શીઆ જાફરી મશાયખી વિકાસ મંડળનું મુખપત્ર

**Vol.-12, Issue-11, October-2025**

વર્ષ : ૪૫ સળંગ અંક : ૫૨૬

**સંપાદક મંડળ**

**આદ્ય તંત્રી :** મર્હૂમ 'દીપક' દાંત્રેલિયા

**તંત્રી :** કાસિમભાઈ વિજાપુરા–૯૪૨૬૫૪૧૪૭૨

**સહતંત્રી :** ફૈઝમોહંમદ મસી

**સલાહ–માર્ગદર્શન :** મૌલવી હાસમભાઈ ગાંધી (સિદ્ધપુર)

**લેસર&ગ્રાફીક વર્ક :** શબ્બીરઅલી રેવાસીયા

અકબરહુસૈન ફત્તેહ

**વ્યવસ્થાપક મંડળ**

**વ્યવસ્થાપક :** રઝાઅલી ખાણશીયા–૮૪૬૦૪૯૨૪૨૯

**કાર્યાલયનું સરનામું**

**'જાફરી આવાઝ' (માસિક)**

મુ.પો. ઈલોલ તલાવ, તા. હિંમતનગર, જિ. સાબરકાંઠા

પીન – ૩૮૩૨૨૦

**Website : www.jafariaawaz.com ❄ email : jafariaawaz@gmail.com**

## લેખાનુક્રમ

• **ઉઘડતે પાને**

હિદાયત: હુદહુદ પક્ષી અને મલિકાએ સબા... 3

• **તંત્રી લેખ**

માબાપ વિષેની ચાલીસ હદીસો ............. 7

• **કુરઆન અને હદીસ**

કુરઆન શિક્ષણ ...............................13

ગુરરુલ હિકમ ................................15

નહ્જુલ અસરાર..............................17

• **તરીકત**

મશાયખવાણી................................ 23

• **અદબિયાત**

મીર અનીસના મરસિયા .................... 27

• **તારીખ અને ભૂગોળ**

સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)..........31

અલ ઈર્શાદ.................................. 35

• **અખ્લાક**

મિસ્બાહુશ્શરીઆ............................ 39

તહ્ઝીબુલ ઈસ્લામ ...........................41

આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન.. 45

• **અન્ય**

વ્યક્તિ વિશેષ – હઝરત નાફેઅ...............51

આપણા ઘરની વાતો ........................ 55

'જાફરી આવાઝ'ને મળેલ ડોનેશન........... 57

### હિદાયત:

# હુદહુદ પક્ષી અને મલિકાએ સબા (બીબી બિલ્કીસ)નો કિસ્સો

અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.)

اَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ عَلٰى مُحَمَّدٍ وَّاٰلِهِ الطَّيِّبِيْنَ

(ગતાંકનું ચાલુ)

بادشاہ تباہی لاتے ہیں

બાદશાહો જે હોય છે તે બરબાદી જ લાવે છે, તે કદી પણ કોઈની ભલાઈ કરી શકતા નથી.

جب ملکہ نے ان کا جنگ کی طرف رجحان دیکھا، اور اندرونی طور پر اس کا قطعاً یہ ارادہ نہیں تھا، تو ان کی اس جنگی پیاس کو بجھانے نیز صحیح حکمت عملی اختیار کرتے ہوئے انہیں قانع کرنے کے لئے کہا:

એટલે એમ લખે છે કે બીબી બિલ્કીસ પત્ર જોઈને તો માની ચૂકયાં હતાં, ઈમાન લાવી ચૂકયાં હતાં, પરંતુ દરબારીઓ બળવો ન કરી દે એટલા માટે એમને રોકવા આવું કીધું:

"جب بادشاہ کسی آباد علاقے میں داخل ہوتے ہیں تو انہیں تباہ و برباد کر دیتے ہیں،

કોઈ પણ બાદશાહ ચઢાઈ કરીને નવી જમીન પર આવે છે તો જમીન બરબાદ થઈ જાય છે.

اور وہاں کے باعزت لوگوں کو ذلیل کر دیتے ہیں۔"

(સૂરા નમ્લ, આયત–૩૪)

આ સાચી વાત પણ છે. રસૂલલ્લાહ (સ.)ની રિસાલત, મૌલા અલી (અ.)ની ખિલાફત, ઈમામત, આ જે હકપરસ્તીનાં શાસનો છે તેમાં અને બાદશાહતમાં એ તફાવત છે જે બીબી બિલ્કીસે બિલકુલ સાચી વાત બતાવી. જ્યારે કોઈ દુન્યવી બાદશાહ, રાજકારણી શાસક બીજી સરજમીન ઉપર ચઢાઈ કરીને વિજય પામે છે, ત્યારે તે સરજમીનને બરબાદ કરે છે, અને ત્યાંના ઈજ્જતદાર લોકોને અપમાનિત કરે છે. આ ટેવ સામાન્ય માણસ — કે જેને અલ્લાહ રાજ્ય આપી દે તે—ની હોય જ છે. હઝરત આદમ (અ.)થી લઈને છેક કયામત સુધી બધા કરવાના છે, પરંતુ જે અલ્લાહ તરફનો હોય છે — રસૂલલ્લાહ (સ.), આપ (સ.)ની ઓલાદમાંથી બાર ઈમામ (અ.) — તેમને જો અલ્લાહ શાસન આપે, કોઈ પણ સત્તા આપે, તો તે દુરુપયોગ કરતા નથી, અને બીજી સરજમીનને — જેના ઉપર તેઓને ચઢાઈ કરવાની જરૂર પડે અથવા કોઈ પણ કારણસર જવું પડે ત્યાં, તો તેને — બરબાદ કરતા નથી, અને

ત્યાંના ઈજ્જતદાર લોકોને અપમાનિત કરતા નથી. આ અલ્લાહવાળા લોકોની નિશાની છે. રસૂલલ્લાહ (સ.)એ કયારેય આવું કર્યું નથી. હું જાણીજોઈને આ વાત દોહરાવ્યા કરું છું.

کچھ کو مار ڈالتے ہیں، کچھ کو قیدی بنا لیتے ہیں، اور کچھ کو بے گھر کر دیتے ہیں۔

આ દુન્યવી શાસકોની નિશાનીઓ છે. કેટલાકને મારી નાખે છે, કેટલાકને બંદી બનાવી નાખે છે, અને કેટલાકને બેઘર કરી નાખે છે.

جہاں تک ان کے بس میں ہوتا ہے، لوٹ مار کرتے ہیں۔

જ્યાં સુધી તેમનું બસ ચાલે છે લૂંટમાર કરીને નવી સરજમીનને બરબાદ કરે છે, આ બીબી બિલ્કીસનાં મંતવ્ય છે.

پھر اس نے تاکید کے طور پر، بلکہ یقینی صورت میں کہا: ”جی ہاں! وہ ایسا ہی کرتے ہیں۔“

બીબી બિલ્કીસે ભારપૂર્વક કહ્યું કે, "આવું જ કરે છે."

در حقیقت ملکۂ سبا خود بھی ایک بادشاہ تھی لہٰذا وہ بادشاہوں سے اچھی طرح واقف تھی،

એટલે રાજાઓ શું કરે છે, બીબી બિલ્કીસને પણ ખબર છે, કે તેઓ જ્યારે ચઢાઈ કરે તો શું કરે. એટલા માટે તે જાણતાં હતાં.

کہ بادشاہوں کی جنگی حکمت عملی دو حصوں پر مشتمل ہوتی ہے: ایک تباہی اور بربادی، اور دوسرے باعزت افراد کو ذلیل کرنا،

એક તો બરબાદ કરીને લોકોને બિવરાવી નાખવું કે તેઓ બળવો ન કરે, અને બીજું કે તેમના ઈજ્જતદાર લોકોને અપમાનિત કરી દેવું.

کیونکہ انہیں تو صرف اپنے ہی مفادات عزیز ہوتے ہیں۔

બાદશાહોને તો પોતાના ફાયદાઓ જ દેખાય છે, બીજા સામાન્ય માણસનાં શું નુકસાન થાય છે તે જોતા નથી.

قوم و ملت کے مفادات اور ان کی سربلندی سے انہیں کوئی سروکار نہیں ہوتا۔

કોમ કે મિલ્લત, મઝહબ, તેમનાથી કોઈ લેવુંદેવું કે સંબંધ હોતો નથી.

لہٰذا عمومی طور پر یہ دونوں ایک دوسرے کی ضد ہوتے ہیں۔

એટલે મઝહબ અને બાદશાહત સામાન્ય રીતે આ એકબીજાનાં વિરોધી હોય છે. એ એકબીજા સાથે કદીય ચાલી શકતાં નથી; પરંતુ અલ્લાહનો મોઅજિઝો છે કે હઝરત દાવૂદ (અ.), હઝરત સુલયમાન (અ.) જેવા નબીઓ, જેમને અલ્લાહે રાજ્ય સોંપ્યું, તો તે બન્નેને સાથે લઈને પણ ચાલી શક્યા.

پھر ملکہ نے کہا: ہمیں سب سے پہلے سلیمانؑ اور ان کے ساتھیوں کو آزمانا چاہیے،

એટલે આપણે સૌથી પહેલાં સુલયમાન (અ.) અને તેમના સાથીઓને અજમાવી લઈએ કે કેવા લોકો છે.

بادشاہوں کو تحفے تحائف سے بڑی محبت ہوتی ہے اور یہ تحفے اور ہدیے ہی ان کی بہت بڑی کمزوری ہوتے ہیں۔

બાદશાહોને તોહફા, નજરાણાં ખૂબ ભાવતાં હોય છે, અને તે તેમની કમજોરી હોય છે. અને આની વિરુદ્ધમાં પયગમ્બરોને તે ભાવતાં હોતાં નથી, અને તેમની કમજોરી તોહફા હોતા નથી.

انہیں تحفے دے کر جھکایا جا سکتا ہے۔

બાદશાહોને જો ઝુકાવવા હોય — યુદ્ધ કર્યા વગર — તો તોહફા મોકલી દેવાના.

ہم دیکھیں گے اگر سلیمانؑ نے ان تحائف کو قبول کر لیا تو معلوم ہو جائے گا کہ وہ بادشاہ ہے، اور ہم بھی ڈٹ کر اس کا مقابلہ کریں گے،

બાદશાહ હશે, અલ્લાહનો નબી નહીં હોય, તો ડટીને મુકાબલો કરીશું, તો અલ્લાહ તો સાથે હશે ને, જીત આપણી હશે.

اور اپنی پوری طاقت استعمال کریں گے، کیونکہ ہم بہرحال طاقتور ہیں؛

એટલે આપણી પાસે પણ શકિત ઓછી નથી.

اور اگر اس نے ان تحائف سے بے رخی کی،

એટલે તોહફાઓ જોઈને તે કંટાળી ગયો, તેણે પસંદ ન કર્યા,

اور اپنی باتوں پر ڈٹا رہا، تو ہم سمجھیں گے کہ وہ خدا کا نبی ہے، تو ایسی صورت میں ہمیں بھی عقل مندی سے کام لینا ہوگا۔

એ તોહફાઓ કબૂલ નહીં કરે, તો ખરેખર

اور دیکھنا چاہیے کہ وہ واقعاً ہیں کیسے لوگ؟ آیا سلیمانؑ بادشاہ ہے یا پیغمبر ہے؟

આઝમાઈશ કરીને જોઈ લઈએ કે આ બાદશાહે ધમકી આપી છે કે પયગમ્બરે દાવત આપી છે.

تباہ کار ہے یا مصلح؟

સુલયમાન (અ.) બરબાદી કરનાર માણસ છે કે સુધારો કરનાર માણસ છે?

اقوام و ملل کو ذلیل کرتا ہے یا عزت بخشتا ہے؟

જે કોમના સંપર્કમાં સુલયમાન (અ.) આવે છે તેને અપમાનિત કરે છે કે તેને ઈજ્જત આપે છે?

تو اس کام کے لئے ہمیں تحفے تحائف سے استفادہ کرنا چاہیے۔

બીબી બિલ્કીસ પોતાનું મંતવ્ય આપે છે કે આપણે ત્યાં હઝરત સુલયમાન (અ.)ને તોહફાઓ મોકલીને એમને અજમાવવા જોઈએ.

لٰہذا ’’میں ان کی طرف کچھ معقول تحفے بھیجتی ہوں،

એટલે મને જે યોગ્ય લાગે એવા તોહફાઓ મોકલી રહી છું.

پھر دیکھوں گی کہ میرے قاصد ان کی طرف سے کیا رد عمل لاتے ہیں۔‘‘

(સૂરા નમ્લ, આયત–૩૫)

પછી હું જોઈશ કે જે કાસિદ છે, જે ટપાલી છે, મેસેન્જર છે, તે સામેથી શું જવાબ લઈને આવે છે.

અલ્લાહ તરફનો નબી જ હશે. તો આવી પરિસ્થિતિમાં આપણે બુદ્ધિથી કામ લેવું જોઈએ, અને સામનો કરવો જોઈએ નહીં.

ملکہؑ سبا نے حضرت سلیمانؑ کے لئے کیا تحائف بھیجے؟

તોહફાઓ શું હતા?

اس بارے میں قرآن نے تو کچھ نہیں بتایا۔

કુરઆન શરીફે કંઈ સ્પષ્ટતા કરી નથી.

صرف کلمہ 'ہدیہ' نکرہ کی صورت میں بیان کر کے اس کی عظمت کو ضرور واضح کر دیا ہے۔

એટલે 'હદિયા' શબ્દ વાપર્યો છે.

البتہ مفسرین نے اس بارے میں بہت کچھ کہا ہے،

તફસીરકારોએ બધું લખ્યું છે.

جن میں سے بعض باتیں مبالغہ آرائی اور افسانوی رنگ سے خالی نہیں ہیں۔

કેટલીક તફસીરોમાં અતિશયોક્તિ પણ થઈ છે.

بعض لوگوں نے لکھا ہے کہ پانچ سو بہتر غلام اور پانچ سو بہتر کنیزیں...

પ૭ર સેવકો અને પ૭ર દાસીઓ...

ان کے لئے بھیجی گئیں، غلاموں کو زنانہ لباس میں اور کنیزوں کو مردانہ لباس میں۔

એટલે અવળું કરી નાખ્યું. જે ગુલામો હતા તેમને સ્ત્રીઓનો પોશાક પહેરાવ્યો, અને જે સ્ત્રીઓ હતી, કનીઝો હતી તેમને પુરુષોનો.

غلاموں کے کانوں میں گوشوارے اور ہاتھوں میں کنگن اور کنیزوں کے سر پر خوبصورت ٹوپیاں تھیں۔

ملکہ نے اپنے خط میں لکھا کہ اگر آپ اللہ کے نبی ہیں تو غلاموں اور کنیزوں کو ایک دوسرے سے الگ کر دیں۔

જો ખરેખર અલ્લાહના નબી હો, તો ઓળખી લો કે કોણ ગુલામ છે ને કોણ કનીઝ છે.

انہیں زر و جواہرات اور قیمتی زیورات سے آراستہ کر کے بہترین سواریوں پر سوار کر کے اور جواہرات کی معقول مقدار دے کر حضرت سلیمانؑ کی خدمت میں بھیجا گیا۔

જે પણ બીજા તોહફાઓ હતા — ઝવેરાત હોય કે જે પણ હોય — તે કીમતી તોહફાઓ સાથે આ પ૭ર ગુણ્યા ૨ તોહફાઓ મોકલ્યા.

اور ساتھ ہی ملکہ نے قاصد کو یہ بات بھی سمجھا دی کہ تمہارے دربار میں پہنچتے ہی اگر سلیمانؑ نے تمہیں خشم آلود اور غضب ناک نگاہوں سے دیکھا تو سمجھ لینا کہ یہ بادشاہوں کا انداز ہے؛

જો એમનો એલચી — બીબી બિલ્કીસનો એલચી — સુલયમાન (અ.)ના દરબારમાં પહોંચે અને સુલયમાન (અ.) બિલકુલ ગુસ્સામાં અને આગબબૂલા થતાં તેમને જુએ, તો સમજી લેવાનું કે સુલયમાન (અ.) બાદશાહ છે. આ બીજી એક સિફત બતાવી.

اور اگر پیار بھرے انداز میں خندہ پیشانی کے ساتھ تمہیں شرفِ حضور بخشا تو سمجھ لینا کہ خدا کا نبی ہے۔

અને જો મુસ્કુરાતા, હસતા તમારું સ્વાગત કર્યું, તો સમજી લેવાનું કે અલ્લાહનો નબી છે. (ક્રમશ:)

તંત્રી લેખ

# માબાપ વિષેની ચાલીસ હદીસો

મોમિન કાસિમભાઈ વિજાપુરા (મહેરપુરા)

**(૧૪) જીવનમાં અને રોજીમાં વધારો:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: مَنْ اَحَبَّ اَنْ يَّمُدَّ لَهٗ عُمْرَهٗ وَاَنْ يَّزْدَادَ فِيْ رِزْقِهٖ فَلْيَبَرَّ وَالِدَيْهِ وَلْيَصِلْ رَحِمَهٗ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, “જે કોઈ લાંબા જીવનની અને રોજીમાં વધારો થવાની ઈચ્છા ધરાવતો હોય, તો તેણે પોતાનાં માબાપ પ્રત્યે ભલાઈ દર્શાવવી જોઈએ અને પોતાનાં સગાંવહાલાં સાથે સિલેરહમી કરવી જોઈએ.”

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૪૭૫)

**(૧૫) માબાપ પ્રત્યે દયાભાવ દર્શાવવાના ફાયદા:**

فَقَالَ اَبُوْ عَبْدِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ: يَا مُيَسِّرُ قَدْ حَضَرَ اَجَلُكَ غَيْرَ مَرَّةٍ وَّلَا مَرَّتَيْنِ كُلَّ ذٰلِكَ يُؤَخِّرُ اللّٰهُ اَجَلَكَ لِصِلَتِكَ قَرَابَتَكَ وَاِنْ كُنْتَ تُرِيْدُ اَنْ يُّزَادَ فِيْ عُمُرِكَ فَبَرَّ شَيْخَيْكَ يَعْنِيْ اَبَوَيْهِ.

હનાન ઈબ્ને સુદૈર રિવાયત કરે છે, “અમે ઈમામ જાફર સાદિક (અ.)ની ખિદમતમાં હતા અને અમારી વચ્ચે મુયસ્સિર પણ હતા. ચર્ચા દરમિયાન, સિલેરહમીનો મુદ્દો સામે આવ્યો. (આના ઉપરથી) ઈમામ (અ.)એ (મુયસ્સિરને સંબોધીને) કહ્યું, “અય મુયસ્સિર! ઘણા પ્રસંગોએ તમારી મોત નજીક આવી હતી, પરંતુ આવા પ્રસંગે તમારાં સગાંવહાલાં સાથેની તમારી સિલેરહમીના કારણે તમારી મોતમાં અલ્લાહે વિલંબ કર્યો હતો. જો તમે તમારા જીવનના સમયગાળાને વધારવાની ઈચ્છા ધરાવતા હો, તો તમે તમારાં માબાપ પ્રત્યે ભલાઈ અને દયાભાવ પ્રદર્શિત કરો.””

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૮૪)

**(૧૬) સૌપ્રથમ તમારી માતા પ્રત્યે ભલાઈ દર્શાવો:**

عَنْ اَبِيْ عَبْدِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ: قَالَ جَآءَ رَجُلٌ اِلَى النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ فَقَالَ يَا رَسُوْلَ اللّٰهِ مَنْ اَبَرُّ؟ قَالَ اُمَّكَ قَالَ ثُمَّ مَنْ؟ قَالَ اُمَّكَ قَالَ ثُمَّ مَنْ؟ قَالَ اُمَّكَ قَالَ ثُمَّ مَنْ؟ قَالَ اَبَاكَ.

ઈમામ જાફર સાદિક (અ.) રિવાયત કરે છે કે, “એક વાર એક માણસ રસૂલલ્લાહ (સ.)ની પાસે આવ્યો અને તેણે પૂછ્યું, “યા રસૂલલ્લાહ (સ.)! મારે કોની તરફ ભલાઈ અને દયાભાવ દર્શાવવાં જોઈએ?” રસૂલે અકરમ (સ.)એ જવાબ આપ્યો, “તારી મા પ્રત્યે.” તેણે ફરીથી પૂછ્યું, “ત્યાર પછી કોની પ્રત્યે?” ફરી વાર આપ (સ.)એ જવાબ આપ્યો, “તારી મા પ્રત્યે.” તેણે ફરીથી પૂછ્યું, “ત્યાર પછી?” ફરી વાર આપ (સ.)એ જવાબ આપ્યો,

"તારી મા પ્રત્યે." પેલા માણસે ચોથી વાર પૂછ્યું, "અને ત્યાર પછી?" આ વખતે આપ (સ.)એ કહ્યું, "તારા બાપ (પ્રત્યે).""

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૪૯)

**(૧૭) જેવું તમે વાવશો, તેવું તમે લણશો:**

عَنْ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: بِرُّوْا اٰبَآءَكُمْ يَبِرَّكُمْ اَبْنَآءُكُمْ عِفُّوْا عَنْ نِّسَآءِ النَّاسِ تُعَفُّ نِسَآءُكُمْ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "તમારાં માબાપ તરફ દયાળું બનો, અને તમારાં બાળકો તમારા પ્રત્યે દયાળું બનશે. (અને) પરાઈ સ્ત્રીઓ તરફ (વ્યવહારમાં અને નિય્યતમાં) પાક નજરથી જુઓ, અને તમારી સ્ત્રીઓને પાક નજરથી જોવામાં આવશે."

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૪૬૬)

**(૧૮) બાપના હક્કો:**

عَنْ اَبِى الْحَسَنِ عَلِيِّ بْنِ مُوْسٰى عَلَيْهِ السَّلَامُ قَالَ: سَاَلَ رَجُلٌ رَّسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ مَا حَقُّ الْوَالِدِ عَلٰى وَلَدِهٖ؟ قَالَ لَا يُسَمِّيْهِ بِاِسْمِهٖ وَلَا يَمْشِىْ بَيْنَ يَدَيْهِ وَلَا يَجْلِسُ قَبْلَهٗ وَلَا يَسْتَسِبُّ لَهٗ.

ઈમામ અલી રઝા (અ.) રિવાયત કરે છે કે, "એક માણસે રસૂલલ્લાહ (સ.)ને પૂછ્યું, "દીકરા ઉપર બાપના હક કયા છે?" રસૂલલ્લાહ (સ.)એ જવાબમાં ફરમાવ્યું, "તેણે તેના બાપને નામથી બોલાવવા ન જોઈએ; તેણે તેમની આગળ ચાલવું ન જોઈએ; જ્યાં સુધી તેના બાપ પોતે બેસી ન જાય, ત્યાં સુધી તેણે બેસવું ન જોઈએ; અને તેણે એવાં કાર્યો ન કરવાં જોઈએ કે જેના પરિણામે લોકો તેના બાપને ગાળો દે.""

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૪૫)

**(૧૯) (માબાપ તરફ) નજર કરવામાં ઈબાદત:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: نَظَرُ الْوَلَدِ اِلٰى وَالِدَيْهِ حُبًّا لَّهُمَا عِبَادَةٌ.

રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "કોઈ બાળકની તેનાં માબાપ તરફની મોહબ્બતભરી નજર ઈબાદત છે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૮૦)

**(૨૦) સારા આચરણનો અર્થ:**

عَنْ اَبِىْ وَلَّادِ الْحَنَّاطِ قَالَ: سَاَلْتُ اَبَا عَبْدِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ عَنْ قَوْلِ اللّٰهِ عَزَّ وَجَلَّ وَبِالْوَالِدَيْنِ اِحْسَانًا مَّا هٰذَا الْاِحْسَانُ؟ فَقَالَ: اَلْاِحْسَانُ اَنْ تُحْسِنَ صُحْبَتَهُمَا وَاَنْ لَّا تُكَلِّفَهُمَا اَنْ يَّسْاَلَاكَ شَيْئًا مِّمَّا يَحْتَاجَانِ اِلَيْهِ.

અબૂ વલ્લાદ અલ–હન્નાત રિવાયત કરે છે કે, તેમણે એક વખત ઈમામ જાફર સાદિક (અ.)ને (કુરઆનમાં) અલ્લાહના આ શબ્દો, "અને માબાપ સાથે ભલાઈથી વર્તો." [1]ના ભાવાર્થ વિષે પૂછ્યું.

ઈમામ (અ.)એ જવાબ આપ્યો, ""એમની સાથે ભલાઈથી વર્તો"નો અર્થ થાય, સારી રીતભાતમાં તેમને સાથ આપો, અને તેમને શાની જરૂર છે તે બાબતે તમે તેમને પૂછો, (તેમને શાની જરૂર છે) તેની કદી પણ રાહ જુઓ નહીં."

1 કુરઆન, સૂરા બકરા, આયત–૮૩

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૯)

**(૨૧) માબાપ પ્રત્યેની જવાબદારીઓ:**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: لَا تَمْلَأْ عَيْنَيْكَ مِنَ النَّظَرِ اِلَيْهِمَا اِلَّا بِرَحْمَةٍ وَّرِقَّةٍ وَّلَا تَرْفَعْ صَوْتَكَ فَوْقَ اَصْوَاتِهِمَا وَلَا يَدَيْكَ فَوْقَ اَيْدِيْهِمَا وَلَا تَتَقَدَّمْ قُدَّامَهُمَا.

ઈમામ જાફર સાદિક (અ.)એ (માબાપની બાબતમાં) ફરમાવ્યું છે, "મોહબ્બત અને સ્નેહ સિવાય તેમના તરફ તાકીને નજર કરવી નહીં; તેમના અવાજ કરતાં તમારો અવાજ ઊંચો કરવો નહીં; તેમના પર તમારો હાથ ઉગામવો નહીં; તેમની આગળ આગળ ચાલવું નહીં."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૯)

**(૨૨) માબાપની વતીથી આ કાર્યો કરો:**

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ: مَا يَمْنَعُ الرَّجُلَ مِنْكُمْ اَنْ يَّبَرَّ وَالِدَيْهِ حَيَّيْنِ وَمَيِّتَيْنِ يُصَلِّيْ عَنْهُمَا وَيَتَصَدَّقُ عَنْهُمَا وَيَحُجُّ عَنْهُمَا وَيَصُوْمُ عَنْهُمَا فَيَكُوْنَ الَّذِيْ صَنَعَ لَهُمَا وَلَهٗ مِثْلُ ذٰلِكَ فَيَزِيْدَهُ اللّٰهُ عَزَّ وَجَلَّ بِبِرِّهٖ وَصَلَاتِهٖ خَيْرًا كَثِيْرًا.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "એવી કઈ બાબત છે કે જે માણસને પોતાનાં માબાપ સાથે ભલાઈ કરવાથી રોકે છે – ભલે ને તેઓ જીવતાં હોય કે મૃત્યુ પામ્યાં હોય – તેમના વતીથી નમાઝો પઢવાથી, ખેરાત કરવાથી, હજ કરવાથી, (એવું જાણીને કે) આવાં ભલાઈવાળાં કાર્યોનો સવાબ તેમનાં માબાપ ઉપરાંત તેને પણ મળવાનો છે? તદુપરાંત, (તેમના માટેનાં) તેનાં સત્કાર્યો અને નમાઝોને લીધે, અલ્લાહ અઝ્ઝ વ જલ્લ તેને પ્રચંડ ભલાઈ અતા કરશે."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૪૬)

**(૨૩) દુષ્ટ માબાપ અને દયાભાવ:**

عَنْ اَبِيْ جَعْفَرٍ عَلَيْهِ السَّلَامُ قَالَ: ثَلَاثٌ لَّمْ يَجْعَلِ اللّٰهُ عَزَّ وَجَلَّ لِاَحَدٍ فِيْهِنَّ رُخْصَةً اَدَاءُ الْاَمَانَةِ اِلَى الْبَرِّ وَالْفَاجِرِ وَالْوَفَاءُ بِالْعَهْدِ لِلْبَرِّ وَالْفَاجِرِ وَبِرُّ الْوَالِدَيْنِ بَرَّيْنِ كَانَا اَوْ فَاجِرَيْنِ.

ઈમામ મોહંમદ બાકિર (અ.)એ ફરમાવ્યું છે, "ત્રણ વસ્તુઓ એવી છે કે જેમનો અલ્લાહ અઝ્ઝ વ જલ્લે ત્યાગ કરવાની કોઈને પરવાનગી આપી નથી: માલિકને તેની વિશ્વાસપાત્રતા પાછી આપવી, એ ધ્યાનમાં લીધા વિના કે તે સારી વ્યક્તિ છે કે ખરાબ; પોતાના વાયદાઓને પૂરા કરવા, એ ધ્યાનમાં લીધા વિના કે તે વાયદો કે કરાર કોઈ સારી વ્યક્તિ સાથે કર્યો છે કે ખરાબ વ્યક્તિ સાથે; પોતાનાં માબાપ પ્રત્યે ભલાઈ અને દયાભાવ દર્શાવવો, એ ધ્યાનમાં લીધા વિના કે તેઓ સારાં છે કે ખરાબ."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૫૬)

**(૨૪) મુશરિક માબાપ:**

عَنِ الرِّضَا عَلَيْهِ السَّلَامُ فِيْ كِتَابِهٖ اِلَى الْمَاْمُوْنِ قَالَ: وَبِرُّ الْوَالِدَيْنِ وَاجِبٌ وَاِنْ كَانَا مُشْرِكَيْنِ وَلَا طَاعَةَ لَهُمَا فِيْ مَعْصِيَةِ الْخَالِقِ.

મામૂનને લખેલા એક પત્રમાં ઈમામ અલી રઝા (અ.)એ લખ્યું હતું, "પોતાનાં માબાપ સાથે

ભલાઈ કરવી વાજિબ છે, ભલે ને તેઓ મુશરિક હોય. જો કે, એવાં કાર્યોમાં તેમની આજ્ઞા ન માનવી કે જે અલ્લાહના હુકમ વિરુદ્ધ હોય."

(બિહારુલ અન્વાર, જિલ્દ–૭૪, સફહા–૭૨)

**(૨૫) માબાપની કબ્રોની મુલાકાત લેવી:**

قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ: مَنْ زَارَ قَبْرَ وَالِدَيْهِ اَوْ اَحَدِهِمَا فِيْ كُلِّ جُمْعَةٍ مَّرَّةً غَفَرَ اللّٰهُ لَهٗ وَكَتَبَ لَهٗ بَآرًّا.

રિવાયત કરવામાં આવી છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું, "જે કોઈ દરેક જુમ્આના દિવસે પોતાનાં માબાપની કબ્રોની અથવા તેમનામાંથી એકની મુલાકાત લે છે, તો અલ્લાહ તઆલા ચોક્કસ તેના ગુનાહ માફ કરી દેશે અને એ લોકોમાં તેને માની લેશે કે જેઓ પોતાનાં માબાપ પ્રત્યે દયાળુ હતા."

(કન્ઝુલ ઉમ્માલ, જિલ્દ–૧૬, સફહા–૪૬૮)

**(૨૬) માબાપ પ્રત્યે દયાભાવ અને જન્નત:**

عَنْ اَبِي الْحَسَنِ عَلَيْهِ السَّلَامُ قَالَ: قَالَ رَسُوْلُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَاٰلِهٖ كُنْ بَآرًّا وَّاقْتَصِرْ عَلَى الْجَنَّةِ وَاِنْ كُنْتَ عَاقًّا فَظًّا فَاقْتَصِرْ عَلَى النَّارِ.

ઈમામ અલી રઝા (અ.) રિવાયત કરે છે કે રસૂલલ્લાહ (સ.)એ ફરમાવ્યું છે, "તમારાં માબાપ પ્રત્યે ભલાઈ અને દયાભાવ દર્શાવો, જેથી તમારો બદલો જન્નત બને, અને જો તેમના દ્વારા તમે આક થઈ ગયા, તો તમારું રહેઠાણ (જહન્નમની) આગ હશે."

(અલ–કાફી, જિલ્દ–૨, સફહા–૩૪૮)

**(૨૭) કઠોર નજર:**

عَنْ اَبِيْ عَبْدِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ قَالَ: لَوْ عَلِمَ اللّٰهُ شَيْئًا اَدْنٰى مِنْ اُفٍّ لَّنَهٰى عَنْهُ وَهُوَ مِنْ اَدْنَى الْعُقُوْقِ وَمِنَ الْعُقُوْقِ اَنْ يَّنْظُرَ الرَّجُلُ اِلٰى وَالِدَيْهِ فَيُحِدَّ النَّظَرَ اِلَيْهِمَا.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "જો અલ્લાહે કોઈ વસ્તુને 'ઉફ' કરતાંય વધારે નજીવી અને અર્થહીન ગણી હોત, તો તેણે માબાપને તેવું કહેવાની પણ મનાઈ કરી હોત. (માબાપને) 'ઉફ' કહેવું તે માબાપ તરફના ખરાબ વ્યવહારનું નમ્રમાં નમ્ર સ્વરૂપ છે. એ રીતોમાંની એક રીત કે જેમાં કોઈ માણસને પોતાનાં માબાપ દ્વારા આક થયેલો માની શકાય, તે એ છે કે તે તેમના તરફ સખ્ત અને કઠોર નજર ફેંકે."

(અલ–કાફી, જિલ્દ–૪, સફહા–૫૦)


**(૨૮) એક ધિક્કારપૂર્ણ નજર:**

عَنْ اَبِيْ عَبْدِ اللّٰهِ عَلَيْهِ السَّلَامُ قَالَ: مَنْ نَظَرَ اِلٰٓى اَبَوَيْهِ نَظَرَ مَاقِتٍ وَّهُمَا ظَالِمَانِ لَهٗ لَمْ يَقْبَلِ اللّٰهُ لَهٗ صَلَاةً.

ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે, "અલ્લાહ એવા માણસની નમાઝને કબૂલ નહીં કરે કે જે પોતાનાં માબાપ તરફ ધિક્કારની નજરે જુએ, પછી ભલે ને તેઓ તેના પ્રત્યે અન્યાયપૂર્ણ હોય." (અલ–કાફી, જિલ્દ–૪, સફહા–૫૦)

# ગડમથલ

**૩૮૯** | **સંપાદન:** જાફરી આવાઝ (કાર્યાલય)



## આડી ચાવીઓ

(૧) મહેરબાની કરનાર, કૃપા કરનાર (૫)
(૫) સંદેશો, સમાચાર, ખબર (૪)
(૯) ભાવનાઓ, દિલનો જોશ (૪)
(૧૧) કાણું, બાકોરું, તિરાડ, ચીરો (૩)
(૧૨) દારૂ, મય, મદ્ય (૩)
(૧૪) ઈતિહાસ, રોજ, રાજકીય વિગત (૩)
(૧૫) રસ્તો, માર્ગ, પથ, રાહનું લઘુ સ્વરૂપ (૨)
(૧૬) જમીન પર ચાલતું ને પાણીમાં તરતું પક્ષી (૩)
(૧૭) યુવાની, યૌવન, યુવાવસ્થા (૩)
(૧૮) છૂટાછેડા, લગ્નવિચ્છેદ (૩)
(૨૧) કવચ, બખ્તર (૩)
(૨૩) રસૂલલ્લાહ (સ.)નું એક નામ (૪)
(૨૫) સેવક, નોકર, દાસ (૩)
(૨૭) સહાયતા, સહાય,આશરો (૩)
(૨૮) ઈમાનદારી, પ્રામાણિકતા, ભક્તિ (૨)
(૨૯) આશા, ઉમેદ, ઈચ્છા, અભિલાષા (૨)
(૩૦) શ્વાસ લેવાની ક્રિયા, શ્વાસ, પળ (૨)
(૩૨) મહેનત,પરિશ્રમ, દુઃખ, થાક (૩)
(૩૪) શેખી, બડાઈ, ઘમંડ, અહંકાર (૨)
(૩૬) દીવાલ, ભીંત, આડ (૩)
(૩૭) કોઈને કોઈ વસ્તુ સોંપવી, થાપણ (૪)

## ઊભી ચાવીઓ

(૧) કયામતનો દિવસ, મહા પ્રલય (૪)
(૨) ઈસ્લામી સાતમો મહીનો (૩)
(૩) સમડીની જાતનું એક પક્ષી (૨)
(૪) વનસ્પતિ, લીલોતરી (૪)
(૬) હાથ, હસ્ત, કર (૨)
(૭) દીવાલ ,વગેરે ચણવા માટેની માટી (૨)
(૮) જંગે ખૈબરનો દુશ્મન લડવૈયો (૪)
(૧૦) આત્મશુદ્ધિ, અધ્યાત્મ માર્ગ (૪)
(૧૩) સુખ, આરામ , સરળતા (૩)
(૧૬) કુરઆનનો બીજો સૂરો, ગાય (૩)
(૧૭) પ્રતિકૃતિ, ચિત્ર, છબી (૩)
(૧૯) આવશ્યક, જરૂરી (૩)
(૨૦) દાનધર્મ, ડોનેશન, ચેરીટી (૪)
(૨૨) મુસાફરીનો સાથી, સાથે મુસાફરી કરનાર (૫)
(૨૩) સભ્યતા, મલાજો, સાહિત્ય (૩)
(૨૪) પુરુષ, નર જાતિનું (૩)
(૨૬) રક્ષણ, બચાવ, રક્ષા (૩)
(૩૧) કા'બામાં મૂકવામાં આવેલ એક બુત (૩)
(૩૩) પાપ, ગુનો, દોષ,અપરાધ (૨)
(૩૫) દીવો, દીપક, મીણબત્તી (૨)

*The Future of Work is Automated*

# ROHMAN AUTOMATION

**Manufacturing of All Type of Electric, Star-Delta, ATS, APFC, AMF, PLC Control, VFD, Water Panel, Pressure Boosting Pump panal**







અમારે ત્યાં દરેક પ્રકારની ઇલેક્ટ્રીક કંટ્રોલ પેનલો બનાવવામાં આવે છે.
સ્ટાર ડેલ્ટા, એ.ટી.એસ, એ.પી.એફ.સી, એ.એચ.એફ, પી.એલ.સી કંટ્રોલ
બેઝ વી.એફ.ડી કંટ્રોલ બેઝ, વોટર બેઝ કંટ્રોલ, પ્રેશર બુસ્ટીંગ પેનલ

**હોટેલ માટે અને બિલ્ડિંગ બનાવતા બિલ્ડરો માટે પાવર પેનલો વાજબી ભાવે બનાવી આપવામાં આવશે.**

સોલર પેનલ ACDB & DCDB બોક્સ બનાવી આપવામાં આવશે .

**૨૩૮, અભીશ્રી ઇન્ડસ્ટ્રીયલ પાર્ક, અમદાવાદ–૩૮૦૦૫૧**

**238, ABHISHREE INDUSTRIAL PARK, AHMEDABAD-380051**

**MO. 97250 97264**



# કુરઆન શિક્ષણ

અઝ : આકાએ નામદાર પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## અલ્લાહનાં વખાણ પોતાની ભાષામાં

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

كِتٰبٌ مَّرۡقُوۡمٌ ﴿۲۰﴾

❁ તે એક લખાણ છે (જેમાં સદાચારીઓની કરણી લખેલી છે). **(સૂરા તત્ફીફ, આયત–૨૦)**

## શહીદો વિષેની આયતો

وَلَا تَقُوۡلُوۡا لِمَنۡ يُّقۡتَلُ فِىۡ سَبِيۡلِ
اللّٰهِ اَمۡوَاتٌ ؕ بَلۡ اَحۡيَآءٌ وَّلٰـكِنۡ لَّا
تَشۡعُرُوۡنَ ﴿۱۵۴﴾

❁ અને જે લોકો અલ્લાહના માર્ગમાં માર્યા જાય છે, તેમને મરણ પામેલા કહો નહીં; બલ્કે તેઓ હયાત છે, પરંતુ તેનું તમને ભાન નથી.

**(સૂરા બકરા, આયત–૧૫૪)**

---

وَلَٮِٕنۡ قُتِلۡتُمۡ فِىۡ سَبِيۡلِ اللّٰهِ اَوۡ مُتُّمۡ لَمَغۡفِرَةٌ
مِّنَ اللّٰهِ وَرَحۡمَةٌ خَيۡرٌ مِّمَّا يَجۡمَعُوۡنَ ﴿۱۵۷﴾

❁ અને તમે અલ્લાહના માર્ગમાં માર્યા જાઓ, અથવા તમારા મોતે મરી જાઓ, તો જે કાંઈ તેઓ ભેગું કરતા રહે છે, તેના કરતાં અલ્લાહની ક્ષમા અને રહમત વધારે સારી છે.

**(સૂરા આલે ઈમરાન, આયત–૧૫૭)**

---

وَلَا تَحۡسَبَنَّ الَّذِيۡنَ قُتِلُوۡا فِىۡ سَبِيۡلِ
اللّٰهِ اَمۡوَاتًا ؕ بَلۡ اَحۡيَآءٌ عِنۡدَ رَبِّهِمۡ
يُرۡزَقُوۡنَ ﴿۱۶۹﴾

❁ અને જે લોકો અલ્લાહની રાહમાં માર્યા ગયા છે, તેમને હરગિઝ મરણ પામેલા સમજો નહીં: બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવતા હોઈ (ઉત્તમ) રોજી મેળવે છે.

**(સૂરા આલે ઈમરાન, આયત–૧૬૮)**

| | |
|---|---|
| فَرِحِيْنَ بِمَآ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۙ وَيَسْتَبْشِرُوْنَ بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِّنْ خَلْفِهِمْ ۙ اَلَّا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿١٧٠﴾ | ✿ અલ્લાહે પોતાની કૃપાથી તેમને જે કાંઈ આપ્યું છે, તેનાથી તેઓ ખુશ છે, અને જે લોકો પાછળ રહી ગયા છે, અને અત્યાર સુધી તેમને (જઈ) મળ્યા નથી, તેમના વિષે (આ) ખુશખબર મેળવી આનંદ માણે છે કે તેમના પર કોઈ જાતનો ભય નથી, તેમ જ તેઓ દિલગીર થશે નહીં. **(સૂરા આલે ઈમરાન, આયત–૧૭૦)** |
| يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَفَضْلٍ ۙ وَّاَنَّ اللّٰهَ لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ ﴿١٧١﴾ | ✿ (તેઓ) અલ્લાહની નેઅમતો તથા કૃપાની ખુશખબરો સાંભળી ખુશ થાય છે અને (એ પણ સાંભળીને કે) અલ્લાહ મોમિનોનો કોઈ બદલો વ્યર્થ જવા દેતો નથી. **(સૂરા આલે ઈમરાન, આયત–૧૭૧)** |
| وَمَنْ يُّطِعِ اللّٰهَ وَالرَّسُوْلَ فَاُولٰٓئِكَ مَعَ الَّذِيْنَ اَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيّٖنَ وَالصِّدِّيْقِيْنَ وَالشُّهَدَآءِ وَالصّٰلِحِيْنَ ۚ وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا ﴿٦٩﴾ | ✿ અને જેઓ અલ્લાહ તથા તેના રસૂલની આજ્ઞા પાળે છે, તો તેઓ તેમની સાથે હશે કે જેમના પર અલ્લાહે બખ્શિશો કરી છે કે જેઓ કેટલાક પયગમ્બરોમાંથી તથા સત્યવાદીઓમાંથી તથા શહીદોમાંથી અને સદાચારીઓમાંથી છે; અને એ જ લોકો મિત્રતા માટે ઉત્તમ છે. **(સૂરા નિસા, આયત–૬૯)** |
| وَالَّذِيْنَ اٰمَنُوْا بِاللّٰهِ وَرُسُلِهٖٓ اُولٰٓئِكَ هُمُ الصِّدِّيْقُوْنَ ۖ وَالشُّهَدَآءُ عِنْدَ رَبِّهِمْ ۗ لَهُمْ اَجْرُهُمْ وَنُوْرُهُمْ ۗ وَالَّذِيْنَ كَفَرُوْا وَكَذَّبُوْا بِاٰيٰتِنَآ اُولٰٓئِكَ اَصْحٰبُ الْجَحِيْمِ ﴿١٩﴾ | ✿ અને જે લોકો અલ્લાહ પર તથા તેના રસૂલ પર ઈમાન લાવ્યા છે, તેઓ જ તો તેમના પરવરદિગાર પાસે સિદ્દીક (સત્યવાદી) અને શહીદ (અલ્લાહની રાહમાં માર્યા ગયેલા)નો દરજ્જો ધરાવે છે; તેમના માટે તેમનો બદલો પણ હશે અને નૂર પણ; અને જે લોકોએ નાસ્તિકપણું કર્યું તથા અમારી આયતોને જુઠલાવી તેઓ જ જહન્નમી છે. **(સૂરા હદીદ, આયત–૧૯)** |

# ગુરરુલ હિકમ

غُرَرُ الْحِكَم



(હિકમતની જટિલતા અને ઉપદેશનાં મોતી)
(ઈમામ અલી (અ.)નાં બોધવચનો)

ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ ઓવેસએહમદ એડ. જાફરી

## હિકમત

٣٧۔ مِنَ الْحِكْمَةِ اَنْ لَّاتُنَازِعَ مَنْ فَوْقَكَ، وَلَاتَسْتَذِلَّ مَنْ دُوْنَكَ، وَلَا تَتَعَاطٰى مَا لَيْسَ فِىْ قُدْرَتِكَ، وَلَا يُخَالِفَ لِسَانُكَ قَلْبَكَ، وَلَاقَوْلُكَ فِعْلَكَ، وَلَاتَتَكَلَّمَ فِيْمَا لَاتَعْلَمُ، وَلَاتَتْرُكَ الْاَمْرَعِنْدَ الْاِقْبَالِ، وَتَطْلُبَهٗ عِنْدَ الْاِدْبَارِ

૩૭. તમારા ઉપરી જોડે વાદવિવાદ ન કરવો; તમારા હાથ નીચેના લોકોને અપમાનિત ન કરવા; તમારી પહોંચ બહારનું કામ હાથ પર ન ધરવું; તમારા દિલમાં જે હોય તે જ જીભ પર રાખવું ને તમારાં કૃત્યો તમારા શબ્દો સાથે સુસંગત રાખવાં; જેના વિષે તમે જાણતા ન હો, તેના વિષે તમારે ન બોલવું; પ્રત્યક્ષ બાબતને અવગણીને વીતી ગયેલી બાબતોને વાગોળવી નહીં, આ બધી જ હિકમતની શિખામણો છે.

٣٨۔ مَجْلِسُ الْحِكْمَةِ غَرْسُ (عُرْسُ) الْفُضَلَآءِ

૩૮. હિકમતભરી મજલિસો એ વખાણવાલાયક લોકોની ખેતી છે.

٣٩۔ لَا تَجْتَمِعُ الشَّهْوَةُ وَالْحِكْمَةُ

૩૯. વાસના અને હિકમત એકસાથે ન રહી શકે.

٤٠۔ لَا تَسْكُنُ الْحِكْمَةُ قَلْبًا مَّعَ شَهْوَةٍ

૪૦. વાસનાથી ભરેલા દિલમાં હિકમત રહી શકતું નથી.

٤١۔ لَا حِكْمَةَ اِلَّا بِعِصْمَةٍ

૪૧. ચારિત્ર્યશીલતા વિના હિકમત નથી.

## વિદ્વાનો

١۔ اَلْحُكَمَآءُ اَشْرَفُ النَّاسِ اَنْفُسًا، وَّاَكْثَرُهُمْ

૧. વિદ્વાનો લોકોમાં સૌથી સન્માનનીય, સૌથી

| | |
|---|---|
| صَبْرًا، وَّاَسْرَعُهُمْ عَفْوًا، وَّاَوْسَعُهُمْ اَخْلَاقًا | વધારે સબ્ર કરનારા, સૌથી ઝડપી ક્ષમા કરનારા, સૌથી વધારે સારી રીતભાત ધરાવનારા હોય છે. |
| ٢۔ اَلْحَكِيْمُ يَشْفِي السَّآئِلَ، وَيَجُوْدُ بِالْفَضَآئِلِ | ૨. વિદ્‌વાનો (સવાલ) પૂછનારને સંતોષે છે, અને નેકીઓમાં ઉદાર હોય છે. |
| ٣۔ جَالِسِ الْحُكَمَآءَ يَكْمُلْ عَقْلُكَ، وَتَشْرُفْ نَفْسُكَ، وَيَنْتَفِ عَنْكَ جَهْلُكَ | ૩. વિદ્‌વાનો સાથે રહો, જેથી તમારી બુદ્‌ધિનો વિકાસ થશે, તમે ઉમદા બનશો અને તમારી અજ્ઞાનતા દૂર થશે. |
| ٤۔ قَدْ يَزِلُّ الْحَكِيْمُ | ૪. કોઈક વાર વિદ્‌વાનથી પણ ભૂલ થઈ શકે છે. |
| ٥۔ لَيْسَ بِحَكِيْمٍ مَّنْ شَكٰى ضُرَّهٗ اِلٰى غَيْرِ رَحِيْمٍ | ૫. જે પોતાની તકલીફોની ફરિયાદ સહાનુભૂતિ ન ધરાવનાર માણસ સમક્ષ કરે છે, તે બુદ્‌ધિશાળી માણસ નથી. |
| ٦۔ لَيْسَ بِحَكِيْمٍ مَّنِ ابْتَذَلَ بِانْبِسَاطِهٖ اِلٰى غَيْرِ حَمِيْمٍ | ૬. જે પોતાનો આનંદ નજીકનો મિત્ર ન હોય તેવા માણસ સમક્ષ વ્યકત કરે છે, તે સમજુ માણસ નથી. |
| ٧۔ لَيْسَ بِحَكِيْمٍ مَّنْ قَصَدَ بِحَاجَتِهٖ غَيْرَ حَكِيْمٍ (كَرِيْمٍ) | ૭. જે પોતાની વિનંતી જ્ઞાની (અથવા ઉદાર) ન હોય તેવી વ્યક્તિ સમક્ષ મૂકે છે, તે ડાહ્યો માણસ નથી. |
| ٨۔ مَنْ كَشَفَ عَنْ مَّقَالَاتِ الْحُكَمَآءِ انْتَفَعَ بِحَقَآئِقِهَا | ૮. જે વિદ્‌વાનના શબ્દો વિશે ચિંતનમનન કરે છે, તે તેના છૂપા અર્થોથી લાભ મેળવે છે. |
| ٩۔ اِنَّ كَلَامَ الْحَكِيْمِ اِذَا كَانَ صَوَابًا كَانَ دَوَآءً، وَّاِذَا كَانَ خَطَآءً كَانَ دَآءً | ૯. ખરેખર, જ્યારે વિદ્‌વાનનું કથન સાચું હોય છે, ત્યારે તે ઈલાજ સમાન હોય છે; અને જ્યારે તે ખોટું હોય છે, ત્યારે બીમારીનું કારણ બને છે. |

## હુકૂમત અને સર્વોપરિતા

| | |
|---|---|
| ١۔ اَلطَّاعَةُ جُنَّةُ الرَّعِيَّةِ، وَالْعَدْلُ جُنَّةُ الدُّوَلِ | ૧. આજ્ઞાંકિતતા લોકોનું સુરક્ષા–કવચ છે અને ન્યાય એ હુકૂમતનું સુરક્ષા–કવચ છે. |



હઝરત અલી (અ.)ના ખુત્બાઓ, બોધવચનો, પત્રો, જવાબપત્રો, આદેશો, હુજ્જતો, દુઆઓ અને વસિયતોનો સંગ્રહ

# نهج الاسرار
# નહજુલ અસરાર

સંપાદક : મોલવી સૈયદ ગુલામહુસૈન રઝા

અનુવાદક : મો.કાસિમભાઈ વિજાપુરા

### (૫) સિફ્ફીન મુકામે જંગ પહેલાં ખુત્બો

ખ્વારઝમીએ કિતાબ મનાકિબમાં લખ્યું છે કે અમીરુલ મોમિનીન (અ.)એ આ ખુત્બો એ સમયે ઈર્શાદ ફરમાવ્યો હતો કે જ્યારે આપ (અ.)ની ફોજે શામી ફોજને ફુરાત નદીના કિનારેથી હટાવીને ઘાટ ઉપર કબજો કરી લીધો હતો, કારણ કે શામી ફોજે આપ (અ.)ની ફોજ ઉપર પાણી બંધ કરી દીધું હતું. ત્યાર પછી મુઆવિયાએ દરખાસ્ત કરી કે, પાણી લેવાની ઈજાઝત આપો. તો આપ (અ.)એ ફરમાવ્યું કે,

"અય લોકો! હું રસૂલલ્લાહ (સ.)નો ભાઈ, એમનો વસી અને તેમના ઈલ્મનો વારિસ છું. મને રસૂલલ્લાહ (સ.)એ પોતાનો વસી બનાવી ખાસ કર્યો, બધાની વચ્ચે મને બરગુઝીદા કર્યો અને કુરૈશના શરીફ લોકોની ઈચ્છાને રદ કરીને પોતાની બેટીના નિકાહ મારી સાથે કર્યા. બેશક, આ નિકાહ પરવરદિગારના હુકમથી અમલમાં આવ્યા કે આના વડે પાક ઝુર્રિયત અસ્તિત્વમાં આવે. તો કોણ છે કે જેને મારી માફક અતા કરવામાં આવ્યું હોય. હું એ છું કે મારા કાકા સૈયદુશ્શોહદા અને મારા ભાઈ ફરિશ્તાઓની સાથે મોતી અને યાકૂતથી મઢેલી પાંખોથી, જેવી ઈચ્છા કરે છે, ઊડે છે. હું (અલ્લાહ તરફ) દાવત આપનાર છું, હું સાહેબે નિક્માત (એટલે કે ગુનાહોની સજા આપવાવાળો) છું. હું અજીબો–ગરીબ આયાતવાળો છું. હું લોખંડનું કર્ન (શીંગડું)) છું. એટલે કે હથિયારનો જખમ મારા પર કારગર નથી હોતો. હું હંમેશ માટે તાજો દમ છું કે કદી પણ નિસ્તો–નાબૂદ થતો નથી. હું બેવા સ્ત્રીઓ અને યતીમોની મદદ કરવાવાળો છું. હું જબ્બારોનો કાતિલ અને પાકબાઝોને પનાહ આપનારો સૈયદુલ વસીય્યીન અને અમીરુલ મોમિનીન છું, અને અલ્લાહની મજબૂત રસ્સી છું. હું મોહકમ (મજબૂત) પનાહગાહ છું કે મારા સિવાય કોઈ પનાહ આપવાવાળો નથી. બેશક, અલ્લાહ બધું સાંભળે છે અને જાણે છે."

ત્યાર પછી મુઆવિયાના સંદેશવાહકોને ફરમાવ્યું કે, "મુઆવિયાને કહી દો કે, તમારા અને

પાણીના દરમિયાન કોઈ માણસ અડચણરૂપ નહીં થાય. તમે લોકો રોકટોક વગર પાણી લો અને પોતાની હાજત પૂરી કરો."

**(૬) જંગ દરમિયાન ખુત્બો**

સિફ્ફીન પહોંચ્યા પછી પણ અમીરુલ મોમિનીન (અ.)એ હિદાયત અને નસીહતનો સિલસિલો ચાલુ રાખ્યો કે જે મકતૂબાતના પ્રકરણમાં લખેલો છે. છેલ્લા મકતૂબનો જવાબ સમજ ન પડવાથી મુઆવિયાએ માત્ર એટલા પ્રમાણમાં લખી મોકલ્યું કે, "અય અબુલ હસન! તમને આખેરતની સલ્તનત મુબારક થાય અને અમને દુનિયાની સલ્તનત."

ત્યાર પછી લશ્કરની ગોઠવણી શરૂ થઈ અને પહેલી સફર હિ.સ. ૩૭ બુધવારના રોજ જંગ શરૂ થયો. પાંચમી સફરના રોજ મુઆવિયા અને અમ્ર ઈબ્ને આસે પોતાની ફોજોને સંબોધન કર્યું અને અમીરુલ મોમિનીન (અ.) વિષે ખોટાં કાર્યો બયાન કરીને આપ (અ.) વિરુદ્ધ ઉત્તેજિત કરવા અને જંગ માટે પ્રોત્સાહિત કરવામાં કોઈ કસર બાકી ન રાખી. જ્યારે આપ (અ.)ને અસલી માહિતી મળી, તો આપ (અ.)એ તેમની પેદા કરેલી ગેરસમજને દૂર કરવા મિમ્બર પર તશરીફ લઈ જઈને નીચેનો ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો.

અલ્લાહની હમ્દોસના પછી ફરમાવ્યું કે, "અય લોકો! મારી વાણીને સાંભળો અને યાદ રાખો કે મિથ્યાભિમાન સરકશીનો એક ભાગ છે, અને ગુરૂર તકબ્બુરનો એક ભાગ છે, તેને ન અપનાવો. શયતાન કે જે તમારો દુશ્મન છે, તે હંમેશાં હાજર જ છે અને તમને ખોટા ખોટા વાયદા કરતો જ રહે છે. જાણી લો કે મુસલમાન મુસલમાનનો ભાઈ છે. એકબીજા સાથે શત્રુતા ન રાખો. એકબીજાની મદદ કરવાથી હાથ ઊંચા ન કરી લો. દીનની શરીઅત અને તેનો રસ્તો એક જ છે. જેણે તેને અપનાવી લીધો તે હકની સાથે જોડાઈ ગયો, અને જેણે તેને છોડી દીધો તે હલાક થઈ ગયો. મુસલમાન એ છે કે જ્યારે તેના પર વિશ્વાસ મૂકવામાં આવે તો પછી તે ખયાનત નથી કરતો. જ્યારે તે વાયદો કરે છે તો વાદાખિલાફી નથી કરતો. જ્યારે વાત કરે છે તો જુઠ્ઠું નથી બોલતો. જાણી લો કે અમે અહલેબૈત (અ.) રહમતની જગ્યા છીએ. અમારી વાતો સત્ય હોય છે, અને અમારાં કાર્યો અદ્લ આધારિત હોય છે. ખાતમુન્નબીય્યીન (સ.) અમારામાંથી છે. ઈસ્લામનું નેતૃત્વ અમારામાં છે. અમે કુરઆનના રખેવાળ છીએ. અમે જ છીએ કે જે તમને અલ્લાહ અને તેના રસૂલ (સ.)ની તરફ, તેના દુશ્મનો સાથે જિહાદ કરવા તરફ, તેના હુકમો(ની અદાયગીમાં) સખત મહેનત કરવા તરફ, તેની ખુશનૂદી પામવા તરફ તથા નમાઝ કાયમ કરવાની, ઝકાત આપવાની, કા'બા બૈતુલ્લાહની હજ કરવાની, માહે રમઝાનના રોઝા રાખવાની અને માલે ફ્ઈને તેના હકદારોમાં વિતરણ કરવાની દાવત આપીએ છીએ. જાણી લો કે સૌથી અજબ પ્રકારની બાબત એ છે કે મુઆવિયા ઈબ્ને અબી સુફયાન અને અમ્ર ઈબ્ને આસ લોકોને પોતાના પિતરાઈના ખૂનનો બદલો લેવા ઉભારે છે.

અને અલ્લાહની કસમ મેં કદાપિ ન તો રસૂલલ્લાહ (સ.)નો વિરોધ કર્યો છે કે ન તો કોઈ કાર્યમાં તેમની નાફરમાની કરી છે. મેં આપ (સ.)ની હિફાઝત મારી જાત વડે એવી પરિસ્થિતિઓમાં કરી કે જેમાં બહાદુરો પણ ડરના લીધે થરથર કાંપે છે, અને રોકાઈ જાય છે.

અલ્લાહનો શુક્ર છે કે તેણે મને આ તૌફીક આપીને પ્રતિષ્ઠિત ફરમાવ્યો. તો તેના જ માટે તમામ તારીફ છે. જ્યારે રસૂલલ્લાહ (સ.)એ રેહલત ફરમાવી, તો આપ (સ.)નું સર મુબારક મારા ખોળામાં હતું. મેં જ આપ (સ.)ને પોતાના હાથોથી ગુસ્લ આપ્યું અને મુકર્રબ ફરિશ્તાઓ આપ (સ.)નાં પડખાંને પલટાવવામાં મારી મદદ કરતા હતા. અલ્લાહની કસમ, નબી (સ.) પછી ઉમ્મતે ઈખ્તેલાફ નહોતો કર્યો, પરંતુ એ કે બાતિલવાળા હકવાળાની સામે જાહેર થઈ ગયા.

### (૭) જંગના મેદાનમાં ખુત્બો, ૭મી સફર

એક મોટા હુમલા માટે પોતાના લશ્કરને તૈયાર કરવા માટે આપ (અ.)એ આ પ્રમાણે ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો:

અલ્લાહનો શુક્ર છે કે જે તૂટેલાને પૂર્ણ નથી કરતો અને જે પૂર્ણ છે તેને તોડતો નથી. જો તે ચાહતો તો ન તો આ ઉમ્મતના બે ખાસ (લોકો)માં મતભેદ થતો કે ન તો તેનાં સર્જનોમાંથી કોઈ પણ વચ્ચે. તથા ન તો તેના હુકમમાંથી કોઈ પણ બાબત વિષે માણસ (બીજાથી) જંગ કરતો કે ન તો કોઈ ફઝલ પામનારો ફઝલ કરનારના ફઝલનો અસ્વીકાર કરતો, પરંતુ તકદીરે અમને અને આ કોમને આ પરિસ્થિતિ પર લાવીને ભેગા કર્યા છે અને અમે અમારા રબ તરફથી જોનારા અને સાંભળનારા છીએ. જો તે ઈચ્છતો, તો અઝાબ આપવામાં ઉતાવળ કરતો અને તેની હાલતને બદલી નાખતો, એટલે સુધી કે અલ્લાહ ઝાલિમનું ખંડન કરી દેતો, તથા હકના રસ્તાની નિશાની બતાવી દેતો, પરંતુ તેણે આ દુનિયાને અમલનું સ્થાન બનાવ્યું છે તથા આખેરતને જઝા અને કરારનું સ્થાન બનાવ્યું છે. જેથી બદચલન લોકોને તેમના અમલની સજા આપે અને સારા અમલ કરવાવાળાઓને તેનો નેક બદલો આપે. જાણી લો કે કાલે તમે દુશ્મનથી મુલાકાત કરશો, ઈન્શાઅલ્લાહ. તેથી આજની રાતને (નમાઝના) કયામમાં પસાર કરો, વધુમાં વધુ પ્રમાણમાં કુરઆનની તિલાવત કરો, અને અલ્લાહથી સબ્ર અને મદદ માગો. અને પોતાના દુશ્મનને દૃઢતા અને મકકમતાથી મળો, અને સાચાઓમાંથી થઈ જાઓ.

### (૮) જંગના મેદાનમાં ખુત્બો

અમીરુલ મોમિનીન (અ.)એ જ્યારે જોયું કે શામી લોકો કોઈ પણ રીતે હિદાયત પર આવવા નથી ઈચ્છતા, તો ઈચ્છ્યું કે આ કાર્યને જલ્દી સંપૂર્ણતા સુધી પહોંચાડી દે, એટલા માટે લૈલતુલ હરીરથી બે દિવસ પહેલાં સૂર્યોદય પછીના સમયે આ ખુત્બો ઈર્શાદ ફરમાવ્યો:

સઘળી હમ્દ અલ્લાહ માટે છે તેની સઘળી મખ્લૂકમાંના નેક તથા બદ દરેક પરની તેની પુષ્કળ

નેઅમતો વરસાવવા બદલ; તેની ખિલ્કતમાંના તેના નાફરમાનો ઉપર અને તેના ઈતાઅતગુઝારો ઉપર તેના તરફથી રહેલી હુજ્જતે બાલિગા પર પણ તેની હમ્દ છે. ખરેખર, જો તે માફ કરી દે, તો તેના ફઝલના લીધે જ છે, અને જો તે અઝાબ કરે, તો તે તેમના હાથોની કરણીના કારણે જ હશે, અને અલ્લાહ કયારેય પોતાના બંદાઓ પર ઝુલ્મ નથી કરતો. હું તેની હમ્દ કરું છું નેક આઝમાઈશ પર, અને નેઅમતોને જાહેર કરવા પર, અને અમારા દીનના કાર્યમાં સહાયતા ઈચ્છું છું. હું તેના પર ઈમાન લાવું છું અને તેના પર વિશ્વાસ કરું છું કે જેના માટે તે કાફી છે. હું ગવાહી આપું છું કે અલ્લાહ સિવાય કોઈ ઈલાહી નથી. તે એક છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને એ કે મોહંમદ (સ.) તેના બંદા અને તેના રસૂલ છે કે જેમને તેણે હિદાયતની સાથે મોકલ્યા અને એ દીનની સાથે કે જેનાથી તે રાજી થયો. આપ (સ.)ની રિસાલતની તબ્લીગના કારણે તથા તેની મખ્લૂકમાં હુજ્જત હોવાના લીધે આપ (સ.)ને બધા જ બંદાઓ પર બરગુઝીદા કર્યા. જેવું કે અલ્લાહના ઈલ્મમાં હતું તેમ આપ (સ.) માયાળુ અને રહીમ, હસબ–નસબમાં તેની મખ્લૂકમાં સૌથી વધારે ઈઝ્ઝતદાર, તેમનામાં સૌથી વધારે સુંદરતાવાળા, સૌથી વધારે શુજાઅતવાળા, તેમનામાંથી પોતાના વાલિદૈનની સાથે સૌથી વધારે નેકી કરનારા, તેમનામાંથી પોતાના વાયદામાં સૌથી વધારે અમાનતદાર હતા. ન કોઈ મુસ્લિમે કે ન તો કોઈ કાફિરે કયારેય આપ (સ.) દ્વારા ઝુલ્મ થયાનો દાવો કર્યો નથી, બલ્કે હંમેશાં આપ (સ.)ની પર જ ઝુલ્મ કરવામાં આવ્યો. તો આપ (સ.)એ (ઝુલ્મ કરનારાને) માફ કરી દીધા જ્યારે કે આપ (સ.) કુદરતમંદ હતા. આપ (સ.) દરગુઝર કરતા રહ્યા, અને માફી આપતા રહ્યા, એટલે સુધી કે આપ (સ.) વફાત પામ્યા. આપ (સ.) અલ્લાહના ઈતાઅતગુઝાર હતા, જે પણ મુસીબતો પડી તેના પર સબ્ર કરનારા, અલ્લાહની રાહમાં જેવો જિહાદનો હક હતો તેવો જિહાદ કરનારા અને અલ્લાહની ઈબાદત કરનારા, એટલે સુધી કે યકીન આપ (સ.) સુધી પહોંચી ગયું, (એટલે કે આપ (સ.) વફાત પામ્યા.) પછી આપ (સ.)નું જવું ધરતીવાળાઓ — કે જેઓ નેક હોય કે બદ દરેક — માટે સૌથી મોટી મુસીબત હતી. તો આપ (સ.) તમારા વચ્ચે અલ્લાહની કિતાબ મૂકતા ગયા, કે જે તમને અલ્લાહની ઈતાઅત કરવાનો હુકમ કરે છે, અને તેની નાફરમાની કરવાથી રોકે છે, અને રસૂલલ્લાહ (સ.)એ મારાથી એક અહદ લીધો હતો કે જેને હું કદી નહીં છોડું. તમારા દુશ્મનો તમારી નજીક આવી ગયા છે અને તમે તેમના સરદારને પણ ઓળખી લીધો છે કે જે તેમને બાતિલની તરફ દાવત આપી રહ્યો છે. તમારા નબી (સ.)ના પિતરાઈ ભાઈ તમારી વચ્ચે છે કે જે તમને તમારા રબની ઈતાઅત કરવા તરફ અને તમારા નબી (સ.) ની સુન્નત તરફ દાવત આપે છે. તેના જેવો કોઈ નથી કે જેણે દરેક પુરુષ કરતાં પહેલાં નમાઝ પઢી. રસૂલલ્લાહ (સ.) સિવાય નમાઝ (અદા કરવા)

માં મારાથી આગળ બીજું કોઈ નથી. અલ્લાહની કસમ, હું બદ્રના લોકોમાંથી છું. અલ્લાહની કસમ, તમે લોકો હક ઉપર છો અને તે કોમ બાતિલ પર છે. તેમના બાતિલ પર ભેગા થવાને અને સત્યથી વેગળા થવાને સહન ન કરો, તેમની સાથે જંગ કરો, જેથી અલ્લાહ તેમને તમારા હાથોથી કષ્ટ આપે. જો તમે એવું ન કર્યું, તો અલ્લાહ તમારા સિવાયના લોકોના હાથે તેમને કષ્ટ આપશે. (તબરી, નાસિખ)

**(૯) લશ્કરને પ્રેરણા આપવા માટેનો ખુત્બો**

સિફ્ફીનના મેદાનમાં એક દિવસ પોતાના લશ્કરની એક જમાઅત પાસેથી પસાર થતાં આપ (અ.)એ જોયું કે તેઓ એક લોખંડી દીવાલ તરફ પોતાના મુકામ પર એકઠા થયા છે, તો તેમને ફરમાવ્યું કે,

“બેશક! આ લોકો અહીંથી ત્યાં સુધી નહીં હટે કે જ્યાં સુધી નેઝાઓ વડે વીંધાય નહીં જાય કે જેનાથી રૂહ નીકળી જાય, અને એવી ઝર્બ ન લાગી જાય કે જે સરના ટુકડા કરી દે, હાડકાં ભાંગી નાખે, અને તેમનાથી તેમની કલાઈઓ અને હથેળીઓને જુદી કરી દે, એટલે સુધી કે તેમની પેશાનીઓ ફાટી જાય, તેમની ભ્રમરો તેમની છાતી અને દાઢી પર વિખરાઈ જાય. ક્યાં છે સબ્ર કરનારા અને નેકીને તલબ કરનારા? ક્યાં છે એ લોકો કે જેઓ અલ્લાહ માટે પોતાની જાતને વેચી દે છે?” (નાસિખ)




# AHAD™ SOLARTECH

## સોલાર અપનાવીએ, વિજબીલ બચાવીએ.

- ₹ 3000/- ના સરળ હપ્તે
- મેળવો ₹ 78,000/- સબસિડી
- શુન્ય ડાઉન પેમેન્ટ

5 વર્ષનો અનુભવ

5 STARS Rating on Google

અનુભવ

2,200+ ગ્રાહકો | 5+ વર્ષ અનુભવ | 3+ રાજ્યોમાં કરેલા કામ

2,600+ આજ સુધી કરેલા પ્રોજેક્ટ | 25,000+ આજ સુધી લગાવેલા કિલોવોટ



**+91 84011 03129 | +91 97234 59440**

**અહદ સોલારટેક**, બી-103, શાંતમ-7, આર.ટી.ઓ. સર્કલ પાસે, હિંમતનગર, સાબરકાંઠા, ગુજરાત - 383001



હઝરત પીર મશાયખ (રહ.) કૃત...

# મશાયખવાણી

**મક઼્તૂલનામા**

**● સત ગોર પીર મશાયખ વાચા ●**

**બયાન નં.૨૭૦**

**માંહેં લખા થા ફરઝંદ, હું નસીહત કરતા,**
**સો શહાદત કેરી, ખૂબી મન હું ધરતા.**

*તા'વીઝમાં લખ્યું હતું કે અય બેટા! હું તમને નસીહત કરું છું કે હું શહાદતની ખૂબીને દિલમાં જાણું છું.*

**જબ તમારે ચચા, ઈમામ હુસૈન રે કહીએ,**
**અને ભાઈ તમારે, ઉનું સાથ રે લહીએ.**

*જ્યારે તમારા કાકા કે જે ઈમામ હુસૈન (અ.) કહેવાય છે, અને તમારા ભાઈ પણ તમારી સાથે હશે,*

**જબ કરબલા માંહેં, દુઃખ પાવે રે અનેરા,**
**કે શામીને કૂફી ડાલે, અનુંકું ઘેરા.**

*જ્યારે તે કરબલામાં અનોખી મુસીબતમાં ફસાઈ જાય, અને શામીઓ અને કૂફીઓ તેમને ઘેરામાં લઈ લેશે,*

**તબ જીવ ભી તમારા, હેં ફના રે કરના,**
**એ નસીહત ફરઝંદ, સહી મન રે ધરના.**

*ત્યારે તમારો જીવ પણ કુરબાન કરજો. સાચે જ અય બેટા! આ નસીહતને તમારા દિલમાં રાખજો.*

**જો બોતેરા ચચા, મના તમુંકું કરાવે,**
**અને રણ માંહેં તમુંકું, ના જાને રે દિલાવે.**

*જો તમારા કાકા તમને વારે ઘડીએ મનાઈ કરે, અને જો તમને રણમાં જવાની રજા ન આપે,*

**તો કિસી રીત તમંના, રહીઓ નાંહાં,**
**જીવ ફિદા રે કિજીયો, બેગે જા રણ માંહેં.**

*તો કોઈ પણ રીતે તમે (જંગમાં) ગયા વગર ન રહેતા, અને જલ્દીથી લડાઈના મેદાનમાં જઈને તમારો જીવ કુરબાન કરી દેજો.*

**એ બોત હેં ખૂબી, આકેબત કેરી,**
**બેટા નસીહત મેરી, ચંત દિજીયો સવેરી.**

*આ (શહાદત)ની આકેબતમાં ઘણી જ મજા છે, અય બેટા! મારી આ નસીહત ઉપર જલ્દીથી*

*વિચાર કરજો.*

**થી નસીહત ઈમામ, હસને લખાઈ,**
**સો ઈમામઝાદા કાસિમને, પઢ બાત સબ પાઈ.**

*આ શિખામણ ઈમામ હસન (અ.)એ લખેલી હતી, જે ઈમામના બેટા, જનાબે કાસિમ (અ.)એ વાંચીને બધી જાણી લીધી.*

**સુનો દીન કેરે ભાઈ, થી એ પેહલી રે અગાઈ,**
**કુછ ઈમામુંસું જંગકી, બાત થી ના છુપાઈ.**

*સાંભળો, અય દીનના ભાઈ! આ તો પહેલાંથી જ આ બનાવની ખબર હતી, અને આ જંગની વાત કંઈ ઈમામોથી છૂપી ન હતી.*

**એસી ઈમામકી કરામતાં, સહી રે જાનો,**
**એ જંગ કેરી બાતાં, નથી છાની રે માનો.**

*આવી ઈમામ (અ.)ની કરામતોને તમે સાચી માનો, અને આ લડાઈની વાતો તેમનાથી કંઈ છાની ન માનતા.*

**પણ હુએ થે રાજી, હુકમ રબ હો કેરા,**
**એ સુન સુન મોમિનો, ચંત દિયા સવેરા.**

*પણ તેઓ પરવરદિગારના હુકમમાં રાજી રહ્યા હતા, આ સાંભળીને મોમિનો! તમે જલ્દીથી વિચારો.*

**રેતૂહી**

**ઈમામકું અગમ જાણથી,**
**કરબલામાં હોવે કતાલ રે, કરબલામાં હોવે કતાલ;**
**પણ રાજી હુએ હુકમકે,**
**ના કહ્યા કિસીકું હાલ રે, ના કહ્યા કિસીકું હાલ.**

*ઈમામ (અ.)ને પહેલાંથી જ ખબર હતી કે કરબલામાં લડાઈ થવાની છે, પરંતુ અલ્લાહ તઆલાના હુકમ પર ખુશ રહ્યા, અને આ બાબતની જાણ કોઈને પણ ન કરી.*

**બયાન નં.૨૭૧**

**તબ કાસિમને કાગઝ, સબ પઢીયા સુણિતા,**
**તબ આવ કર શહઝાદેકે, હાથમાં દિતા.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)એ પૂરો કાગળ વાંચી લીધો, અને તે કાગળ ઈમામ હુસૈન (અ.)ના હાથમાં આપ્યો.*

**તબ શહઝાદે દેખતે, રોએ ભરભર નેનાં,**
**જબ ભાઈ હો કેરે, સુણિએ બેનાં.**

*ત્યારે ઈમામ હુસૈન (અ.) તે (કાગળ) જોઈને ખૂબ જ રડવા લાગ્યા, જ્યારે કે ભાઈનું લખેલું વર્ણન તેમણે સાંભળ્યું.*

**એતા રોય કર કહ્યા, સુનો ચચાકે જિયા,**
**તુમ નસીહત કેરા, સોચ મન હેં દિયા.**

*આટલું રડ્યા પછી કહ્યું કે, અય કાકાના જીવ! તમે સાંભળો, તમે જે નસીહત ઉપર અમલ કરવાનો દિલમાં વિચાર કર્યો છે,*

**તો મુજકું ભી નસીહત, હેં ભાઈ રે કેરી,**
**તો વેસા કામ મેં ભી, કરું રે સવેરી.**

*તો મને પણ મારા ભાઈ હસન (અ.)એ નસીહત કરેલી છે, તો તેમની વસિયત પ્રમાણે હું પણ જલ્દીથી અમલ કરું.*

**કે ભાઈને મુજકું, થા એતા ફરમાયા,**
**થા તમારા નિકાહ, મેરી બેટીસું બતાયા.**

*કે મારા ભાઈએ મને આટલું ફરમાવેલું છે કે તમારા નિકાહ મારી બેટી સાથે કરવાનું કહેલું છે.*

**એતા કેહ હાથ પકડ કર, તંબુ માંહેં આએ,**
**આવ ઉનુંને અબ્બાસ ભાઈ, દોનું રે બોલાએ.**

*આટલું કહીને હાથ પકડીને ખૈમામાં આવ્યા, અને ઈમામ હુસૈન (અ.)એ ભાઈ અબ્બાસ (અ.) અને તેમના બન્ને ભાઈઓને બોલાવ્યા.*

**અને બીબી ઝૈનબ, શહઝાદેકી બહેના,**
**વે ભી બોલાને બિઠાએ, ઉસ નિકાહકે મેના.**

*અને બીબી ઝૈનબ (અ.) કે જે ઈમામ હુસૈન (અ.)નાં બહેન છે, તેમને પણ આ નિકાહમાં બોલાવીને બેસાડવામાં આવ્યાં.*

**અને કાસિમકી માતાકું, પાસ બિઠાએ સુણાએ,**
**તબ કાસિમસું નિકાહ, લે બેટીકા કરાયા.**

*અને જનાબે કાસિમ (અ.)ની માને પણ તેમની પાસે બેસાડ્યાં, એવું સાંભળ્યું છે. ત્યારે જનાબે કાસિમ (અ.)ની શાદી પોતાની બેટી સાથે કરી.*

**પીછે શહઝાદે તો તંબુથી, આએ રે બારા,**
**કે ભતીજેકા બયા, કિયા બોત રે પ્યારા.**

*પછી ઈમામ હુસૈન (અ.) ખૈમામાંથી બહાર આવ્યા, અને ઘણી જ મોહબ્બતથી ભત્રીજાની શાદી કરી.*

**તબ કાસિમ તો ઝારઝાર, રોએ ભરભર નેનાં,**
**હલ મુબારિઝ અવાજ, હુવા લશ્કર મેના.**

*ત્યારે જનાબે કાસિમ (અ.) આંખોમાં આંસુ ભરી ભરીને રડવા લાગ્યા, અને લશ્કરમાંથી લડવૈયાની માગણીઓ થવા લાગી.*

**તબ કાસિમ તો ઓરતકા, હાથ છોડ દે ચલીએ,**
**અને તંબુકે બહાર, બેગે રે નિકલીએ.**

*ત્યારે જનાબે કાસિમ (અ.)એ પોતાની પત્નીનો હાથ છોડીને ચાલવા લાગ્યા, અને જલ્દીથી ખૈમામાંથી બહાર આવ્યા.*

**એ સુન સુન બાતી, સહી કર લિજે,**
**અને એક કર રબકું, મન એતના દિજે.**

*આ વાતો સાંભળીને સાચી માનજે, અને પરવરદિગારને એક જાણીને દિલમાં આટલું લાવજે.*

**રેતૂહી**

**નિકાહ કિયા ઉસ રણમાં,**
**અને કાસિમ નિકલે બહાર રે, અને કાસિમ નિકલે બહાર;**
**સો રણ માંહેં જા ઝૂઝને,**
**બેગે ભએ અસવાર રે, બેગે ભએ અસવાર.**

*જનાબે કાસિમ (અ.)એ (કરબલાના) રણમાં શાદી કરી અને ખૈમામાંથી બહાર આવ્યા, અને લડાઈના મેદાનમાં લડાઈ કરવા માટે જલ્દીથી ઘોડા ઉપર સવાર થયા.*


ZAINAB
TOURS
બુકીંગ ચાલુ છે.
Associaton
Approved Members
ઉમરાહ
નવેમ્બર-૨૦૨૫
ZAINAB
TOUR
- વિઝા
- એર ટીકીટ
- હોટલ
- ટ્રાન્સપોર્ટેશન
- સવારે નાસ્તો
- ૨ ટાઈમ જમવાનુ
- હેન્ડ બેગ
અમદાવાદથી અમદાવાદ
ઉમરાહ
૧૪ દિવસ
લિમીટેડ સિટ
વધુ માહિતી અને બુકિંગ માટે કોન્ટેક્ટ કરો.
મંજૂરહુસૈન જે. મોમિન (સાથળવાળા) મો. 99984 69211

# میر انیس مرثیہ

# મીર અનીસના મરસિયા



મરસિયા-૧૮ (ગતાંકનું ચાલુ) مرثیہ-۱۸

**હરમે પાકનું અસીર બનીને શામમાં જવું દરબારે યઝીદમાં હઝરત બીબી ઝૈનબ (અ.)નો ખુત્બો**

**حرمِ پاک کا اسیر ہو کے شام میں جانا دربارِ یزید میں حضرت بی بی زینبؑ کا خطبہ**

٢٩
زور اپنا کسے اللہ نے امداد کیا؟ خانۂ کفر کو کس شیر نے برباد کیا؟
حق نے قرآن کے سورے میں کسے یاد کیا؟ کس کو اَکۡمَلۡتُ لَکُمۡ دِیۡنَکُمۡ ارشاد کیا؟
کس سے ہر جنگ میں عاجز صفِ کفّار آئی؟
بدر میں کس کے لیے عرش سے تلوار آئی؟

(અલ્લાહે કોને પોતાની તાકાત બખ્શી? કુફ્રના ઘરને કયા શેરે બરબાદ કર્યું? કુરઆનના સૂરામાં અલ્લાહે કોને યાદ કર્યા? કોને 'اَکۡمَلۡتُ لَکُمۡ دِیۡنَکُمۡ' ઈર્શાદ કર્યો? દરેક જંગમાં કોનાથી કુફ્ફારની સફો આજિઝ આવી? બદ્રમાં કોના માટે અર્શથી તલવાર આવી?)

٣٠
آلِ احمدؐ کو حقارت سے نہ دیکھ او مقہور سب پہ روشن ہے کہ ہم لوگ ہیں اللہ کے نور
مار کر سبطِ پیمبرؐ کو یہ نخوت یہ غرور خیر، ہم دور، نہ تو دور، نہ محشر ہے دور
حق کا دریائے غضب جوش میں جب آئے گا
باندھنا ہاتھ کا سادات کے کھل جائے گا

(અય લાનતી! આલે અહમદ (અ.)ને તું તુચ્છ નજરે ન જો. બધા ઉપર જાહેર છે કે અમે અલ્લાહનું નૂર છીએ. નબી

(સ.)ના નવાસાને મારીને આવો ઘમંડ! આવું અભિમાન! ઠીક છે, ન અમે દૂર છીએ, કે ન તું દૂર છે, કે ન મહશર દૂર છે. જ્યારે અલ્લાહના ગઝબનો દરિયો જોશમાં આવશે, ત્યારે સાદાતના હાથ બાંધવાનું શું પરિણામ છે તે તને ખબર પડી જશે.)

૩૧

فخر کیوں کر نہ کرے تو کہ یہ ہے فخر کی جا — تو نے اللہ کے محبوب کا کاٹا ہے گلا
ہو گئے سرخ لہو میں حسنِؑ سبز قبا — فاطمہؑ ذبح ہوئی، شیر خدا قتل ہوا
آگ دی خیمہ کو اور زیور و زر لوٹ لیا
جس کے درباں تھے ملک تو نے وہ گھر لوٹ لیا

(તું બડાઈ કેમ ન મારે, કેમ કે તારા માટે તો આ બડાઈ મારવાની જગ્યા છે, (એટલા માટે કે) તેં તો અલ્લાહના મહબૂબનું ગળું કાપ્યું છે. હસને સબ્ઝકબા (અ.) લોહીમાં લાલ થઈ ગયા છે. ફાતેમા (અ.) ઝિબ્હ થઈ ગયાં, અને શેરે ખુદા કતલ થઈ ગયા. ખૈમાને આગ લગાડી દીધી, અને ઝર–ઝવેરાત લૂંટી લીધાં. ફરિશ્તાઓ જે ઘરના દરબાન હતા એ ઘરને જ તેં લૂંટી લીધું.)

૩૨

تیرے ناموس تو ہیں پردہ نشیں او اظلم — بال بکھرائے کھڑے ہیں ترے دربار میں ہم
ہائے بے پردہ ہے بانوئے امامِ عالم — ہے سکینہؑ پہ وہ ظلم اور یہ کبریٰؑ پہ ستم
ننگے سر قید میں اک رات کی بیاہی آئی
تجھ کو شادی ہوئی اور ہم پہ تباہی آئی

(અય જાલિમ! તારા ઘરની સ્ત્રીઓ તો પડદામાં છે, જ્યારે કે અમે (અહલેબૈત (અ.)) વિખરાયેલા વાળ સાથે તારા દરબારમાં ઊભાં છીએ. હાય! દુનિયાના ઈમામનાં બાનૂ બેપર્દા છે. સકીના (અ.) પર એવો જ જુલ્મ થયો છે, અને કુબરા (અ.) ઉપર આવો સિતમ થયો છે, કે તે એક રાતની દુલ્હન ઉઘાડા માથે કેદમાં આવી છે. તારા માટે ખુશી આવી અને અમારા માટે બરબાદી આવી.")

૩૩

کیے زینبؑ نے فصاحت سے یہ جس وقت کلام — کانپے سینوں میں جگر رونے لگے لوگ تمام
تخت کے نیچے دھرا تھا جو سرِ پاکِ امامؑ — متوجہ ہوا شرما کے ادھر حاکمِ شام

اور ان ظلم رسیدوں پہ جفا کرنے لگا
لبِ فرزندِ پیمبرؐ پہ چھڑی دھرنے لگا

(ફસાહતની સાથે હઝરત બીબી ઝૈનબ (અ.)એ જ્યારે આવા શબ્દો કહ્યા, તો છાતીઓમાં દિલ ધ્રૂજવા લાગ્યાં, અને તમામ લોકો રડવા લાગ્યા. આ બાજુ શામના હાકિમે શરમાઈને તખ્તના નીચે ઈમામ (અ.)નું જે પાક સર મૂકવામાં આવ્યું હતું તેના તરફ ધ્યાન ફેરવ્યું, અને એ મઝલૂમો ઉપર વધુ જુલ્મ કરતાં ફરઝંદે પયમ્બર (અ.)ના હોઠો ઉપર છડી મારવા લાગ્યો.)

૩૪

کھول کر چوب سے لب ہائے شہنشاہِ عرب
کہتا تھا پارۂ یاقوت سے بہتر ہیں یہ لب
دُرِ دنداں ہیں یہ تاباں کہ خجل ہیں کوکب
پیٹ کر سینے کو زینبؑ نے کہا ہائے غضب
نہ محمدؐ سے نہ حیدرؑ سے حیا کرتا ہے
قطع ہو جائے ترا ہاتھ یہ کیا کرتا ہے

(હાય! છડીથી શહેનશાહે અરબ હુસૈન (અ.)ના હોઠોને ખોલીને (યઝીદ) કહેતો હતો કે, "આ હોઠ તો માણેકના ટુકડાથી પણ વધારે સુંદર છે. મોતી જેવા દાંત એવા ચળકે છે કે સિતારા પણ શરમાઈ જાય." ત્યારે છાતી કૂટીને બીબી ઝૈનબ (અ.) પોકારી ઊઠ્યાં, "હાય આ તો કેવો ગજબ છે! તું ન તો મોહંમદ (સ.)ની શરમ ભરે છે કે ન તો હૈદર (અ.)ની. તારો હાથ કપાઈ જાય, તું આ શું કરી રહ્યો છે?)

૩૫

اس چھڑی کو مرے بھائی کے لبوں سے سرکا
بوسے لیتے تھے انہیں ہونٹوں کے محبوبِ خدا
بہرِ امت انہیں ہونٹوں نے دعا کی ہے سدا
انہیں دانتوں پہ گہر کرتی تھی صدقے زہراؑ
تجھ کو پیارے نہیں گو ہم کو تو پیارے ہیں یہ
عرش تک جن کا ہے شہرہ وہ ستارے ہیں یہ

(તારી આ છડીને મારા ભાઈના હોઠોથી દૂર કર. આ જ હોઠોના તો મહબૂબે ખુદા (સ.) બોસા લેતા હતા. ઉમ્મત માટે આ જ હોઠોએ હંમેશાં દુઆ માગી છે. આ જ દાંતો ઉપર તો બીબી ઝહરા (અ.) મોતી કુરબાન કરતાં હતાં. જો કે, તને આ પ્યારા નથી, પણ અમને તો આ ખૂબ પ્યારા છે. અર્શ સુધી જેમની શોહરત છે આ એ સિતારા છે.)

# PROSUCCESS

## Consultancy Private Limited
## (Tax consultant)

**Multiple Services Under One Roof**

**Prosuccess Consultancy Pvt. Ltd.** is here to help new and existing hotels, restaurants, and other businesses by making sure they follow all the necessary rules and get registered properly. We managing accounting tasks, handling GST taxes, ensuring legal compliance, filing income tax return & tax audit, and offering useful advice on running their operations.

### LIST OF SERVICES WE OFFER

| GST Compliance | Income Tax Compliance |
|---|---|
| ➢ GST Registration | ➢ Income Tax Return Filing |
| ➢ GST Return Filing Services | ➢ Tax advisory/Tax Planning |
| ➢ GST Assessment/Audit | ➢ Handling of Income Tax Notices |
| ➢ Refund application | ➢ TDS Return Filing |
| ➢ GST Opinion | ➢ Tax Audit Report Filing |
| **Intellectual Property Rights (IPR)** | **Auditing Services** |
| ➢ Trademark Registration | ➢ Statutory Audit |
| ➢ Copyright Registration | ➢ Management Audit/Internal Audit |
| ➢ Patent Registration | ➢ Concurrent Audit |
| ➢ Design Registration | ➢ Compliance Audit |
| **ROC Services & Compliance** | **Accounting and Bookkeeping Services** |
| ➢ Company Incorporation | ➢ Computerized Accounting |
| ➢ LLP Incorporation | ➢ Accounts Payable Management |
| ➢ Filing of Annual Returns | ➢ Accounts Receivable Management |
| ➢ Addition/Removal of Directors | ➢ Payroll Processing |
| ➢ Strike of Company/LLP | ➢ Financial Planning/Analysis |
| **Other Services** | |
| ➢ FSSAI Registration | ➢ PF Registration & Return Filing |
| ➢ ISO Certification | ➢ ESIC Registration & Return Filing |
| ➢ Import Export Code (IEC) Registration | ➢ Subsidy services |
| ➢ Udyam (MSME) Registration | ➢ Professional Tax (PT) Registration |
| ➢ Partnership Deed | ➢ Labour Welfare License |
| ➢ Project Finance/CMA Data | ➢ Factory Act License |

**A-307, Synergy Tower, Opp. Commerce House-5, Nr. Vodafone House, Off. S.G. Highway, Corporate Road, Prahladnagar, Ahmedabad-380015**

**MOHSINHASAN MOMIN +91 990 418 9645**
**PROSUCCESS OFFICE +91 635 398 3305**

**prosuccess7@gmail.com**

# سیرت ائمہ اہلبیتؑ

# સીરતે અઈમ્માએ અહલેબૈત (અ.)

(જિલ્દ -૧)

ઉર્દૂમાંથી અનુવાદ:
જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

અલ્લામા સૈયદ હાશિમ માઅરૂફ હસની

(ગતાંકનું ચાલુ)

**હઝરત અલી (અ.) ખંદકની લડાઈમાં**

જ્યારે અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દની મોતના સમાચાર તેની બહેન ઉમરાને પહોંચ્યા, તો તેણીએ પૂછ્યું, "આ હિંમત કોણે કરી અને તેને કોણે કતલ કર્યો?" તો તેને જણાવવામાં આવ્યું કે, "હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.)એ." તો તે કહેવા લાગી, 'તો પછી તેને એક બહાદુરે જ કતલ કર્યો. તેનો સામનો એક સમકક્ષ જ કર્યો અને તેનું મોત તેની કોમના એક ઈઝઝતદાર અને સરખા માણસના હાથે થયું. પછી તેણે તરત જ આ પંક્તિઓ પઢી:

لَوْ كَانَ قَاتِلُ عَمْرٍو غَيْرُ قَاتِلِهِ لَكُنْتُ اَبْكِيْ عَلَيْهِ دَآئِمَ الْاَبَدِ

(જો અમ્રને મારનાર તેમના (તે સિંહના) સિવાય કોઈ બીજો હોત, તો હું તેના ઉપર હંમેશાં આંસુ સારતી.)

لٰكِنْ قَاتِلُهٗ مَنْ لَّا يُعَابُ بِهٖ قَدْ كَانَ يُدْعٰى اَبُوْهُ بَيْضَةُ الْبَلَدِ

(પરંતુ તેનો મારનાર તે છે કે જેના ઉપર કોઈ આંગળી ચીંધી શકતું નથી કે જેમના વાલિદ પણ બૈઝતુલ બલદ (પ્રતિષ્ઠિત) કહેવાતા હતા.)

مِنْ هَاشِمٍ فِيْ ذُرَاهَا وَهِيَ صَاعِدَةٌ اِلَى السَّمَاءِ تُمِيْتُ النَّاسَ بِالْحَسَدِ

(તે હાશિમની ઓલાદમાંથી છે કે જેની આબરૂ આસમાનની તરફ ઊંચી થતી રહે છે, જેથી લોકો હસદથી મરતા જાય છે.)

قَوْمٌ اَبَى اللّٰهُ اِلَّا اَنْ تَكُوْنَ لَهُمْ كَرَامَةُ الدِّيْنِ وَالدُّنْيَا بِلَا لَدَدِ

(તે કબીલો એવો છે કે અલ્લાહે ફક્ત તેમને જ આપેલી છે દીન અને દુનિયામાં ઈઝઝત, કોઈ બીજાની ભાગીદારી વિના.)

يَا اُمَّ كُلْثُوْمٍ اَبْكِيْهِ وَلَا تَدَعِيْ بُكَآءَ مُعْوِلَةٍ حَرّٰى عَلٰى وَلَدٍ

(તે (લાશ) ઉપર રડજે, અય ઉમ્મે કુલસૂમ! પરંતુ એવી રીતે ન રડજે જેમ કે ભર્યા કુટુંબની સ્ત્રી એક બેટા ઉપર રડે છે.)

અમ્ર ઈબ્ને અબ્દે વુદ્દની કતલ પછી બીજા બહાદુરોની જેમ હઝરત અલી (અ.)નું નામ પણ લોકકથાઓમાં શામિલ થઈ ગયું. તેની સાથે સાથે

લોકોનાં દિલોમાં તે વ્યક્તિ વિરુદ્ધ એવી ઈર્ષા પણ ભરાઈ ગઈ કે જેનું દૃષ્ટાંત અરબની દુનિયામાં હાજર નથી. તેમણે જોઈ લીધું હતું કે બદ્રમાં આ બહાદુર મોટા મોટા કુરૈશ અને તેમના બહાદુરોનો સામનો કરવામાં બધા મુસલમાનોથી આગળ નીકળી ગયો હતો. ઓહદમાં આ બહાદુર રસૂલે અકરમ (સ.)ને મારી નાખવા માટે આવતા હુમલા કરનારાઓના ટોળાની સામે એક મજબૂત ખડકની જેમ અડગ રહ્યો, જ્યારે કે આપ (સ.)ના મોટા સહાબીઓ આપ (સ.)ને મૂકીને ભાગી ગયા હતા. જો હઝરત અલી (અ.) ન હોત તો દુશ્મનો રસૂલે અકરમ (સ.) સુધી પહોંચી ગયા હોત. તે હઝરત અલી (અ.) જ હતા કે જેઓ દુશ્મનોનો મુકાબલો કરતા રહ્યા અને તેમને પરાજિત અને નિષ્ફળ કરતા રહ્યા. ખંદકની લડાઈમાં એકલા આપ (અ.) જ હતા કે જેમણે પોતાની એક જ ઝર્બતથી અરબના ખ્યાતનામને ખતમ કરી દીધો. દુશ્મનની ઈચ્છાઓ અને આશાઓને માટીમાં મેળવી દીધી. અને તેમનાં દિલોમાં ઈસ્લામનો દબદબો બેસાડી દીધો હતો. બધી લડાઈઓમાં કામયાબી તેમની સાથી રહી હતી. તેની સાથે સાથે રસૂલે અકરમ (સ.) તેમની ફઝીલત અને અલ્લાહની નજીક તેમના મર્તબા સંબંધે ઘણી હદીસો જણાવતા રહેતા હતા, એટલે સુધી કે, ઘણાખરા સહાબીઓ તેમનાથી ઈર્ષા કરવા લાગ્યા. તે એવી ખામીઓને શોધતા રહેતા હતા કે જે હઝરત અલી (અ.) ઉપર લગાડી શકે; જેમ કે એક દિવસ રસૂલે અકરમ (સ.) બહાર નીકળ્યા, તો તેમની સાથે ઝુબૈર પણ હતા, તેમને રસ્તામાં હઝરત અલી (અ.) મળી ગયા, તેથી આપ (સ.) તેમને જોઈને મુસ્કુરાયા. તો હઝરત અલી (અ.) પણ આપ (સ.)ને જોઈને મુસ્કુરાયા અને આગળ વધી ગયા. રસૂલે અકરમ (સ.)ના દિલમાં હઝરત અલી (અ.)નો આ રુત્બો જોઈને ઝુબૈરને માઠું લાગ્યું. તેથી તે આપ (સ.)ને કહી જ બેઠા કે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.) પોતાના અભિમાનથી રોકાતા નથી. રસૂલે અકરમ (સ.) થી આ વાત છાની ન રહી કે તે શબ્દોની પાછળ ઝુબૈરના દિલમાં આખરે શું વસ્તુ કામ કરે છે? તેથી આપ (સ.)એ જવાબમાં ફરમાવ્યું કે, "તમે ચોક્કસ તેમનાથી લડાઈ કરશો અને તેમના ઉપર જુલ્મ કરશો."

મહીનાઓ અને વર્ષો પસાર થતાં રહ્યાં. ઝુબૈરની આંખોની સામે તે જુદી જુદી ઘટનાઓ બનતી રહી કે જેમનામાંથી હઝરત અલી (અ.) કદી ઓઝલ ન થયા અને ઝુબૈર પણ બરાબર તેમની સાથે રહ્યા. તે દરમિયાન તે રસૂલે અકરમ (સ.)એ આપેલા સમાચારને ભૂલી ગયા, એટલે સુધી કે તે લડાઈ થઈ કે જેની આગેવાની બીબી આયશાની સાથે સાથે તલ્હા અને ઝુબૈર પણ કરી રહ્યા હતા. જો કે, બધા મુસલમાનોએ હઝરત અલી (અ.) ની બૈઅત કરી લીધી હતી, તેથી જ્યારે તે લડાઈ તીવ્રતાના તબક્કાઓમાં હતી, તો તે સમયે હઝરત

અલી (અ.)એ ઝુબૈરને બોલાવ્યા અને તેમને રસૂલે અકરમ (સ.)નો એ કોલ યાદ અપાવ્યો કે જેની છાપ તેમના મનમાં હતી, ત્યારે તેમનું આખું શરીર ધ્રૂજી ગયું. જો તેમનો દીકરો અબ્દુલ્લાહ તેમના ઉપર વર્ચસ્વ જમાવી તેમના માટે ખરાબ રસ્તો ન બનાવત કે જેના ઉપર તે અંત સુધી રહ્યા, તો શક્ય હતું કે તે લડાઈથી પાછા ફરી જાત.

ગમે તેમ પણ, અમ્ર ઈબ્ને અબ્દે વુદ્‌ના કતલ થઈ જવા પછી મુશરિકોને એવી સખત તકલીફ ઉઠાવવી પડી હતી કે જે તેમના દિમાગમાં પણ ન હતી. અને તેમના હેતુઓ માટીમાં મળી ગયા હતા. જો કે, તે ફરીથી સબ્ર અને દૃઢતા પેદા કરવા લાગ્યા અને પરિણામની ચિંતા કર્યા વગર મદીનામાં દાખલ થવાનો વિચાર કરવા લાગ્યા, પરંતુ અલ્લાહે તેમની ઉપર નજર રાખેલી હતી, અને તેણે તેમના ઉપર એવી વાદળીઓ અને અસામાન્ય આંધી મોકલી કે જેણે તેમના ખૈમા ઉખાડીને ફેંકી દીધા. તેમની દેગોને ઠંડી કરી દીધી અને તેમની જમાઅતને વેરવિખેર કરી દીધી. આ જોઈને તેમના ઉપર ભય છવાઈ ગયો અને તેમણે પોતાનો ઘણોખરો માલસામાન જંગલમાં મૂકીને નીકળી જવાનું નક્કી કર્યું, કેમ કે હવે તેમને ફક્ત આશરો શોધવાની ચિંતા હતી. તે સમયે અલ્લાહે પોતાના રસૂલ (સ.) ઉપર આ આયત નાઝિલ કરી:

يَٰٓأَيُّهَا ٱلَّذِينَ ءَامَنُوا ٱذْكُرُوا نِعْمَةَ ٱللَّهِ عَلَيْكُمْ إِذْ جَآءَتْكُمْ جُنُودٌ فَأَرْسَلْنَا عَلَيْهِمْ رِيحًا وَجُنُودًا لَّمْ تَرَوْهَا ۚ وَكَانَ ٱللَّهُ بِمَا تَعْمَلُونَ بَصِيرًا ﴿٩﴾

*(અય તે લોકો કે જે ઈમાન લાવ્યા છો! અલ્લાહની તે નેઅમતને યાદ કરો કે જ્યારે તમારા ઉપર લશ્કર આવી પડ્યું અને અમે તેઓ ઉપર આંધી અને એવાં લશ્કર મોકલી દીધાં કે જેમને તમે નથી જોયાં. અલ્લાહ તો તેને સારી રીતે જોઈ રહ્યો હતો કે જે કાંઈ તમે કરી રહ્યા હતા.)*

(સૂરા અહ્ઝાબ, આયત ૯)

**હઝરત અલી (અ.) હુદૈબિયામાં**

જ્યારે કુરૈશ અને યહૂદીઓ વચ્ચેની વારંવારની લડાઈઓ સમાપ્ત થઈ ગઈ કે જેમાં રસૂલે અકરમ (સ.)એ એવી સફળતાઓ મેળવી કે જેના કારણે ઈસ્લામ દૂર સુદૂર સુધી ફેલાઈ ગયો, તો હિજાઝના ઘણાખરા અરબો આ નવા દીનમાં દાખલ થઈ ગયા અને મુસલમાનો અરબ દેશોમાં એક મહત્ત્વની તાકાત બની ગયા. જો કે, તેઓ કા'બાની ઝિયારત માટે વ્યાકુળ થઈ રહ્યા હતા. તેથી નમાઝ દરમિયાન જ્યારે તેઓ કા'બાની તરફ ફરતા, તો તેમને તેની યાદ આવતી હતી. આ પરિસ્થિતિ દરમિયાન હિજરતનાં છ વર્ષ પછી અને ઘણા ઈતિહાસકારોના કોલ મુજબ હિ.સ. ૬માં ઝિલ્કાદ મહીનામાં રસૂલે અકરમ (સ.)એ અલ્લાહના હુકમથી હજની ફરજ બજાવી લાવવાનો ઈરાદો કર્યો. તે મુસાફરીની ખબર મદીનાની આસપાસ અને નજીકના પ્રદેશોમાં ફેલાઈ ગઈ. રસૂલે અકરમ (સ.)એ એવા ઉપાયો હાથ ધર્યા કે જે ઊંડા અને

દૂર સુધી પ્રભાવિત કરનારા હતા. તેથી રસૂલે અકરમ (સ.)એ ગેરમુસલમાનોની એક જમાઅતને પોતાની સાથે મુસાફરી કરવાની દાવત આપી અને અરબ કબીલાઓમાં પોતાના કાસિદને મોકલ્યા કે જેથી તે તેમને જણાવે કે કુરૈશ રસૂલે અકરમ (સ.) સાથે પોતાના ખુદાઓ — હુબલ, લાત અને ઉઝ્ઝા — માટે નહીં, પરંતુ એટલા માટે જંગ કરે છે કે, આપ (સ.) કમજોરો અને નાદારોના શોષણ અને તેમના ઉપર વર્ચસ્વ જમાવવા વિરુદ્ધ જિહાદ કરે છે, અને બધા હકો અને ફરજોમાં સમાનતા તરફ દાવત આપે છે.

રસૂલે અકરમ (સ.)ની ઈચ્છા હતી કે મુસલમાનો અને ગેરમુસલમાનોની શક્ય એટલી મોટી સંખ્યાની સાથે ઉમરા અદા કરવા માટે હુર્મતવાળા મહીનાઓમાં (જેમાં જંગ કરવી હરામ હોય તેવા મહીનાઓમાં) મક્કામાં દાખલ થાય, પરંતુ સીરતે રસૂલ (સ.) લખનારાઓ એ વાત ઉપર ભાર મૂકે છે કે તે અરબો કે જે અત્યાર સુધી પોતાના શિર્ક ઉપર કાયમ હતા, તેઓએ આપ (સ.)ની સાથે જવાનું ટાળ્યું. તેથી આપ (સ.) તે મુસલમાનો કે જે આપ (સ.)ની સાથે હતા, તેમને લઈને નીકળ્યા કે, જેમની સંખ્યા ૧૪૦૦ અથવા તેનાથી થોડીક વધારે હતી. રસૂલે અકરમ (સ.)એ અરબ દેશોની આસપાસ એ જાહેરાત કરાવી દીધી કે અમે જંગ કે ઝઘડાની કોઈ ઈચ્છા રાખતા નથી.

શેખ મુફીદની કિતાબ 'અલ–ઈર્શાદ'માં રિવાયત છે કે, "રસૂલે અકરમ (સ.)એ પોતાનો અલમ હઝરત અલી (અ.)ને આપ્યો, જેવી રીતે કે ઘણી જંગો અને યુદ્ધોમાં આપતા હતા. આપ (સ.)એ કુરબાની માટે સિત્તેર ઊંટ પોતાની સાથે લીધા. આપ (સ.) બધા લોકોની આગળ આગળ પોતાની ઊંટડી 'ગઝૂબ' ઉપર મદીનાથી નીકળ્યા — તે સમયે લોકોએ પોતાની તલવારો મ્યાનમાં રાખેલી હતી — અને રસૂલે અકરમ (સ.) મક્કાના રસ્તે રવાના થયા. જ્યારે કુરૈશને આપ (સ.)ની રવાનગીના સમાચાર મળ્યા, તો તેઓએ આપ (સ.)ને મક્કામાં દાખલ થવાથી રોકવા સર્વસંમતિ કરી, ભલે પછી તેમાં તેમને કેટલીય મહેનત કરવી પડે અને કુરબાનીઓ આપવી પડે. તેથી તેમણે ખાલિદ ઈબ્ને વલીદને ઘોડેસવારોની એક ટુકડીનો સેનાપતિ બનાવીને આપ (સ.)નો રસ્તો રોકવા માટે મોકલ્યો. જ્યારે રસૂલે અકરમ (સ.)ને તે લોકોના ઈરાદાની ખબર પડી તો આપ (સ.)એ ફરમાવ્યું, "અફસોસ થાય કુરૈશ પર! જેમને જંગ ખાઈ રહી છે. જો તેઓ મારા અને અરબોની વચ્ચે અવરોધ ન બને તો શું વાંધો છે? પરંતુ જેવી રીતે તેઓ ઈચ્છે છે કે, તેઓ મારાથી ટકરાય, તો ચોક્કસ અલ્લાહ મારી મદદ કરશે અને લોકો મોટી સંખ્યામાં ઈસ્લામમાં દાખલ થશે. કુરૈશે શું વિચારીને રાખ્યું છે? અલ્લાહની કસમ જે (હિદાયત) માટે અલ્લાહે મને મોકલ્યો છે તેના માટે હું જિહાદ કરતો રહીશ એટલે સુધી કે મારું સર તન પર ન રહે."" (ક્રમશઃ)

# અલ ઇર્શાદ

લેખક : શેખ મુફીદ   ઉર્દૂમાંથી અનુવાદ : જનાબ સૈયદ વસીહૈદર ઝેડ. જાફરી

હઝરત ઇમામ મૂસા કાઝિમ ઇબ્ને જાફર (અ.)

(ગતાંકનું ચાલુ)

**હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)ની શહાદતના કારણનું વર્ણન અને તેની વિગતોઃ**

તેણે આ રીતનો બીજો એક પત્ર સિન્દી ઈબ્ને શાહિકને પહોંચાડ્યો અને તેને હુકમ આપ્યો કે તે અબ્બાસ ઈબ્ને મોહંમદના હુકમોનું અનુસરણ કરે.

મસરૂર મુસાફરી માટે રવાના થઈ ગયો અને ફઝલ ઈબ્ને યહ્યાના ઘેર આવ્યો. તે ત્યાં શા માટે આવ્યો છે તે વિષે કોઈને કાંઈ જાણ ન હતી. તેના પછી તે ઈમામ મૂસા (અ.)ની પાસે આવ્યો અને જોયું કે આપ (અ.)ના બારામાં જે માહિતી હારૂન રશીદને આપવામાં આવી હતી તે સાચી છે. તે પછી તે ત્યાંથી સીધો અબ્બાસ ઈબ્ને મોહંમદ અને સિન્દી ઈબ્ને શાહિકની પાસે ગયો. તેણે તેમના નામના પત્રો પહોંચાડ્યા.

આ લોકો પત્રમાંના હુકમને અમલમાં મૂકવા તરત જ તૈયાર થઈ ગયા. મસરૂર ફઝલ ઈબ્ને યહ્યાના ઘેર ગયો. તે તેની સાથે અબ્બાસ ઈબ્ને મોહંમદના ઘરે ગયો. અબ્બાસે એક ચાબુક અને પાટિયાં મંગાવ્યાં. તેણે હુકમ કર્યો કે ફઝલનાં કપડાં ઉતારીને તેને ચાબુક ફટકારવામાં આવે. સિન્દીએ ફઝલને અબ્બાસની હાજરીમાં ચાબુક મારવાનું શરૂ કર્યું.

આનાથી ફઝલના શરીરનો રંગ બદલાઈ ગયો અને હવે તેઓ પહેલાં જેવા દેખાતા ન હતા. તેઓ લોકોને કે જેઓ આજુબાજુ ઊભા હતા, તેમને સલામ કરવા લાગ્યા.

મસરૂરે આ બનાવની જાણ હારૂન રશીદને કરી. ખલીફાએ હુકમ કર્યો કે તેમને પણ સિન્દી ઈબ્ને શાહિકને સોંપવામાં આવે. હારૂન રશીદનો મોટો દરબાર ભરાયેલો હતો. ખલીફાએ કહ્યું, “અય લોકો, ફઝલ ઈબ્ને યહ્યાએ મારા હુકમોનો અનાદર કર્યો છે અને મારો વિરોધ કર્યો છે. તમે જોયું છે કે હું તેના પર લાનત કરું છું, તો તમે લોકો પણ તેના ઉપર લાનત મોકલો.”

દરબારીઓએ તેમના પર લાનત મોકલવા માંડી, એટલે સુધી કે નાઅરાઓના અવાજોથી આખી ઈમારત ગુંજવા લાગી.

આ સમાચાર યહ્યા ઈબ્ને ખાલિદને મળ્યા,

તેથી તે ઘોડા ઉપર સવાર થઈને હારૂન રશીદને તેના આવવાની જાણ ન થાય તે રીતે તેના પાછલા દરવાજેથી દાખલ થયો. પછી તેણે કહ્યું, "અય અમીરુલ મોમિનીન! મારી તરફ જુઓ."

તેનો અવાજ સાંભળીને હારૂન રશીદ ગભરાઈ ગયો.

યહ્યાએ કહ્યું, "ફઝલ હમણાં નવયુવાન છે અને હું તેની સાથે એવો વર્તાવ કરીશ કે જે તમને પસંદ પડશે."

હારૂન રશીનના મોઢા પર ચમક આવી અને તે લોકોની તરફ આગળ વધ્યો, પછી બોલ્યો, "ફઝલે મારા હુકમનો વિરોધ કર્યો છે અને મેં તેનાથી મારી જાતને સુરક્ષિત કરી લીધી છે. હવે તેણે માફી માગી લીધી છે અને મારો હુકમ માનવા તૈયાર છે. એટલા માટે તેઓ હવે આપણા મિત્ર છે."

લોકોએ જવાબ આપ્યો, "જે આપનો મિત્ર હોય એ અમારો મિત્ર છે અને જે આપનો દુશ્મન એ અમારો દુશ્મન. હવે અમે પણ તેમને (ફઝલને) દોસ્ત માનીએ છીએ."

યહ્યા ઈબ્ને ખાલિદ સંદેશવાહક બની બગદાદ રવાના થયો. તેમને જોઈને શહેરના લોકોમાં બેચેની પેદા થઈ અને જાતજાતની અફવાઓ ફરવા માંડી. તેમણે એવી છાપ છોડી કે તે સવાદમાં વહીવટને સુધારવા આવ્યા છે અને નાણાકીય ખાતા ઉપર દેખરેખ રાખશે. તેણે થોડા દિવસો સુધી આ કામ કર્યું પણ ખરું. પછી તેણે સિન્દી ઈબ્ને શાહિકને બોલાવ્યો અને ઈમામ મૂસા (અ.) વિષે ખલીફાનો હુકમ જણાવી દીધો.

તે હુકમ ઉપર અમલ કરવામાં આવ્યો. તે હુકમ એવો હતો કે તેમાં સિન્દી ઉપર દબાણ કરવામાં આવ્યું હતું કે તે તેમને (ઈમામ (અ.)ને) શહીદ કરી દે. આપ (અ.)ના જમવામાં ઝેર મિલાવવામાં આવ્યું. એમ પણ કહેવાય છે કે થોડીક ખજૂરોમાં ઝેર મેળવી દેવામાં આવ્યું હતું. ઈમામ મૂસા (અ.) એ થોડી ખજૂર ખાધી કે તરત જ ઝેરની અસર થવા લાગી. આપ (અ.) સખત તાવમાં સપડાયા અને ત્રણ દિવસ સુધી તકલીફ અને બેચેનીમાં રહ્યા. ત્રીજા દિવસે આપ (અ.) દુનિયાથી સિધાવી ગયા.

જ્યારે ઈમામ મૂસા (અ.)ની શહાદત થઈ ગઈ, તો સિન્દી ઈબ્ને શાહિકે શહેરના ફકીહો અને બગદાદના વડીલોને ભેગા કર્યા કે તે લોકો ઈમામ (અ.)ને જુએ અને ખાતરી કરે કે ઈમામ (અ.)ની શહાદત થઈ ગઈ છે. તે લોકોમાં હૈસમ ઈબ્ને અદી પણ હતા. બધા લોકોએ ઈમામ (અ.)ના શરીરને ઝીણવટથી તપાસ્યું કે આપ (અ.)ના શરીર ઉપર કોઈ જખમનું નિશાન નથી અને ન તો આપ (અ.) ના ગળા ઉપર ગળું દબાવવાનું કોઈ નિશાન છે. સિન્દીએ બધા લોકો પાસે કહેવડાવ્યું કે આ કુદરતી મોત છે. લોકોએ જોયું અને તે વાતની ખાતરી કરી. ઈમામ (અ.)ની પાક લાશને બહાર લાવવામાં આવી અને બગદાદના પુલ ઉપર રાખવામાં આવી. પછી એવી જાહેરાત કરવામાં આવી કે, "મૂસા ઈબ્ને જાફર (અ.)ની વફાત થઈ ગઈ છે. તેથી આવો અને તેમના જનાઝાને જોઈ લો."

લોકોનાં ટોળેટોળાં આવવા લાગ્યાં અને ઈમામ (અ.)ના ચહેરાને જોવા લાગ્યાં. કારણ કે આપ (અ.)ના જીવનમાં ઘણા લોકો એવા હતા કે જે આપ (અ.)ને 'ઈમામ મહદી' અથવા 'ઈમામ મુન્તઝિર' સમજતા હતા, એ રીતે કે આપ (અ.) તાકયામત દુનિયામાં ઈમામ રહેશે. જ્યારે આપ (અ.)ને કેદ કરવામાં આવ્યા હતા, ત્યારે લોકો આ સમયને ગૈબતે સુગરા કહેતા હતા, જેવું કે આખરી ઈમામ (અ.) વિષે કહેવામાં આવ્યું છે.

યહ્યા ઈબ્ને ખાલિદે આવી જાહેરાત પણ કરાવી કે, "આ મૂસા ઈબ્ને જાફર છે, કે જેમને રાફઝી લોકો ઈમામે કાયમ કહે છે અને એવો પણ દાવો કરે છે કે તેમને મોત નહીં આવે. એટલા માટે લોકો તેમની મય્યતને જુએ અને ખાતરી કરે."

લોકોએ જોયું કે આપ (અ.)ની વફાત થઈ ગઈ છે. પછી આપ (અ.)ની મય્યતને લઈ જઈને કુરૈશના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવી, કે જે બાબે તીનની નજીક હતું. આ કબ્રસ્તાનમાં બની હાશિમના લોકો અને બીજા બુઝુર્ગોને દફનાવવામાં આવતા હતા.

એક રિવાયત એ પણ છે કે જ્યારે ઈમામ (અ.)ની વફાતનો સમય નજીક આવ્યો, તો આપ (અ.)એ સિન્દી ઈબ્ને શાહિકને કહ્યું કે મદીનાથી આપ (અ.)ના એ ખાદિમને બોલાવો કે જે 'મશરબાત અલ–કસ્બ'ના મહોલ્લામાં અબ્બાસ ઈબ્ને મોહંમદના ઘેર રહે છે, કે જેથી તે આપ (અ.)ને ગુસ્લ આપે અને તકફીન કરે. સિન્દીએ આના પર અમલ કર્યો.

ત્યાર બાદ સિન્દીએ જણાવ્યું કે, "મેં આપનાથી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આપનું ગુસ્લ અને તકફીનનું કામ હું કરું, પરંતુ આપે મનાઈ કરી." તો આપ (અ.)એ ફરમાવ્યું, "હું રસૂલલ્લાહ (સ.)ના ખાનદાનનો એક માણસ છું. અમારા ખાનદાનની સ્ત્રીઓની મહેર, અમારામાંના જાતે હજ કરવા અસમર્થ હોય એવા લોકો તરફથી હજ કરવી અને અમારી મય્યતનું કફન–દફન આ જ લોકો (અમારા વફાદાર) કરે છે. મારી પાસે મારું કફન હાજર છે અને મારી મય્યતને ગુસ્લ–કફન મારો આ ખાદિમ આપશે."

આપ (અ.)એ જે કહ્યું તે જ રીતે કરવામાં આવ્યું.

**આપ (અ.)ની ઓલાદની સંખ્યા અને તેમનો ટૂંકમાં પરિચય**

અબુલ હસન ઈમામ મૂસા (અ.)ને દીકરા અને દીકરીઓ બન્ને મળીને સાડત્રીસ સંતાન હતાં. તેમનાં નામ આ પ્રમાણે છેઃ

(૧) અલી ઈબ્ને મૂસા (અ.) (૨) ઈબ્રાહીમ (૩) અબ્બાસ (૪) કાસિમ

તેમનાં વાલેદાઓ કનીઝ (ઉમ્મહાત ઔલાદ) હતાં.

(૫) ઈસ્માઈલ (૬) જાફર (૭) હારૂન (૮) હસન

તેમનાં વાલેદા એક કનીઝ હતાં.

(૯) અહમદ (૧૦) મોહંમદ (૧૧) હમ્ઝા

તેમનાં વાલેદા એક કનીઝ હતાં.

(૧૨) અબ્દુલ્લાહ (૧૩) ઈસ્હાક (૧૪) ઉબૈદુલ્લાહ (૧૫) ઝૈદ (૧૬) હસન (૧૭) ફઝલ (૧૮) હુસૈન (૧૯) સુલેમાન

તે બધાંનાં વાલેદાઓ કનીઝ હતાં.

(૨૦) ફાતેમા કુબરા (૨૧) ફાતેમા સુગરા (૨૨) રુકૈયા (૨૩) હકીમા (૨૪) ઉમ્મે અબીહા (૨૫) રુકૈયા સુગરા (૨૬) ઉમ્મે જાફર (૨૭) લુબાબ (૨૮) ઝૈનબ (૨૯) ખદીજા (૩૦) અલિય્યા (૩૧) આમેના (૩૨) હુસ્ના (૩૩) બુરૈહા (૩૪) આઈશા (૩૫) ઉમ્મે સલમા (૩૬) મયમૂના (૩૭) ઉમ્મે કુલસૂમ

તે બધાંનાં વાલેદાઓ કનીઝ હતાં.

ઈમામ મૂસા ઈબ્ને જાફર (અ.)ની બધી ઓલાદમાં સૌથી ગુણવાન, પ્રખ્યાત, અલ્લાહની નજરમાં સૌથી સારા, સંપૂર્ણ ઈલ્મવાળા, અને સૌથી પ્રશંસાપાત્ર ઈમામ અબુલ હસન અલી ઈબ્ને મૂસા રઝા (અ.) હતા.

અહમદ ઈબ્ને મૂસાની ભદ્રતા, બુઝુર્ગી, અને પારસાઈ પ્રખ્યાત હતી. ઈમામ અબુલ હસન મૂસા (અ.) પણ તેમનાથી અપાર મોહબ્બત કરતા હતા અને તેમને પ્રાધાન્ય આપતા હતા. આપ (અ.)એ (ઈમામ મૂસા (અ.)એ) તેમને અલ–યસીરાહની માલમત્તા આપી હતી. એવી રિવાયત પણ મળે છે કે અહમદ ઈબ્ને મૂસાએ એક હજાર ગુલામોને આઝાદ કર્યા હતા.

શરીફ અબૂ મોહંમદ હસન ઈબ્ને મોહંમદ ઈબ્ને યહ્યાથી રિવાયત છે કે, મારા દાદાએ (યહ્યા ઈબ્ને હસને) મને જણાવ્યું હતું કે તેમણે ઈસ્માઈલ ઈબ્ને મૂસાથી સાંભળ્યું હતું ,

મારા વાલિદ (ઈમામ મૂસા (અ.)) પોતાની ઓલાદ સાથે પોતાની એક મિલકત પર ગયા હતા, અને આપ (અ.)એ તેનું નામ પણ અમને કહ્યું હતું, પરંતુ અબુલ હસન યહ્યા તે જગ્યાનું નામ ભૂલી ગયા. અમે બધા લોકો ત્યાં પહોંચ્યા, તો ત્યાં અહમદ ઈબ્ને મૂસા વીસ ખાદિમો અને પરિચારકો સાથે હાજર હતા. અમે જોયું કે જ્યારે અહમદ ઊઠતા હતા, તો બધા લોકો આદર કરવા ઊભા થઈ જતા હતા. અને જ્યારે અહમદ બેસતા હતા, તો તે લોકો પણ બેસી જતા હતા. મારા વાલિદે તેમની તરફ હેતભરી નજર કરી. હું તે દૃશ્યને ભૂલી નથી શકતો. જ્યારે તે પ્રદેશમાંથી અહમદ જતા રહ્યા, ત્યાર પછી જ અમે લોકો ત્યાંથી ઘેર આવ્યા. (ક્રમશ:)


જાફરી આવાઝ (માસિક)માં લવાજમ, જાહેરાત, ડોનેશન, અવસાન નોંધ કે કોઈ સારા સમાચાર, વગેરે મોકલવા માટે સંપર્ક કરો:

**મોમિન રઝાઅલી ખણુશીયા**

જાફરી આવાઝ (માસિક) ઑફિસ

મેહેર લાઈબ્રેરી એન્ડ જાફરી સેમિનરી,

મકતબા જાફરીયા, સેટ્રાણા સ્કવેર, સેટ્રાણા.

મોબાઈલ: **84604 92429**

# مصباح الشريعة

# મિસ્બાહુશ્શરીઆ

અનુવાદ: હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદ હુસૈન જાફરી (રહ.)



કિતાબ–પરિચય: મિસ્બાહુશ્શરીઆ (શરીઅતનો ચિરાગ)

ચાલુ મહીનાથી જાફરી આવાઝમાં 'મિસ્બાહુશ્શરીઆ' કિતાબનો અનુવાદ તેના અરબી મતન સહિત પ્રસ્તુત કરવામાં આવશે. આ કિતાબમાં હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી મન્કૂલ અહાદીસનું સંકલન છે. જેમાં ઈમામ (અ.)એ ફસાહત અને બલાગતની સાથે વિવિધ વિષયોનાં આધ્યાત્મિક અને ભૌતિક પાસાંને સાંકળી લઈને તેમાં રહેલી ઊંડી માઅરેફતનો આસ્વાદ કરાવ્યો છે. આના પ્રથમ ૨૫ બાબનો અનુવાદ હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદ હુસૈન જાફરી (રહ.) દ્વારા ફાઝિલ ક્લાસમાં કરવામાં આવ્યો હતો. તદુપરાંત, હાજરપીર સૈયદ મોહંમદ કામરાન હુસૈન જાફરી (મદ્દે.) દ્વારા પણ જમાઅતનાં ગામોમાં આપવામાં આવતા ખુત્બામાં 'મિસ્બાહુશ્શરીઆ' કિતાબના બાબનો ક્રમાનુસાર અનુવાદ કરવામાં આવે છે. આ કિતાબમાં કુલ ૯૯ બાબ છે, જેમાંથી દર મહીને એક બાબ અહીં પ્રકાશિત કરવામાં આવશે, ઈન્શાઅલ્લાહ.

## બાબ – ૧: બંદગી વિષે

## اَلْبَابُ الْاَوَّلُ فِي الْعُبُوْدِيَّةِ

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું છે કે, "મામલાના ઉસૂલ ચાર પ્રકાર પર ટકેલા છે: અલ્લાહના મામલા પર, નફ્સના મામલા પર, ખિલ્કતના મામલા પર, દુનિયાના મામલા પર, અને તેમાંથી દરેક પ્રકારના સાત ભાગ છે.

قَالَ الصَّادِقُ عَلَيْهِ السَّلَامُ : اُصُوْلُ الْمُعَامَلَاتِ تَقَعُ عَلٰٓى اَرْبَعَةِ اَوْجُهٍ: مُّعَامَلَةُ اللّٰهِ، وَمُعَامَلَةُ النَّفْسِ، وَمُعَامَلَةُ الْخَلْقِ، وَمُعَامَلَةُ الدُّنْيَا، وَكُلُّ وَجْهٍ مِّنْهَا مُنْقَسِمٌ عَلٰى سَبْعَةِ اَرْكَانٍ.

વળી, અલ્લાહ તઆલાના મામલાના ઉસૂલ સાત વસ્તુઓ પર આધારિત છે: તેનો હક

اَمَّا اُصُوْلُ مُعَامَلَةِ اللّٰهِ تَعَالٰى فَسَبْعَةُ اَشْيَآءٍ: اَدَآءُ حَقِّهٖ، وَحِفْظُ حَدِّهٖ، وَشُكْرُ عَطَآءِهٖ،

وَالرِّضَا بِقَضَآءِهٖ، وَالصَّبْرُ عَلٰى بَلَآءِهٖ، وَتَعْظِيْمُ حُرْمَتِهٖ،وَالشَّوْقُ اِلَيْهِ.

અદા કરવો, તેની હદોની હિફાઝત કરવી, તેની બખ્શિશમાં શુક્ર અદા કરવો, તેના ફેંસલામાં રાજી રહેવું, તેની આઝમાઈશો પર સબ્ર કરવી, તેની હુર્મતની ઈજ્જત કરવી, અને તેની તરફનો શોખ રાખવો.

وَاُصُوْلُ مُعَامَلَةِ النَّفْسِ سَبْعَةٌ: اَلْخَوْفُ، وَالْجُهْدُ، وَحَمْلُ الْاَذٰى، وَالرِّيَاضَةُ، وَطَلَبُ الصِّدْقِ وَالْاِخْلَاصِ، وَاِخْرَاجُهَا مِنْ مَّحْبُوْبِهَا، وَرَبْطُهَا فِي الْفَقْرِ.

નફસના મામલાના ઉસૂલ સાત છે: (અલ્લાહનો) ખોફ, સંઘર્ષ, તકલીફ બરદાશ્ત કરવી, કસરત, સચ્ચાઈ અને નિખાલસતાની ચાહના, નફસને તેની પ્રિય વસ્તુઓમાંથી બહાર કાઢવો, અને ફકીરીની સાથે તેને જોડી દેવો.

وَاُصُوْلُ مُعَامَلَةِ الْخَلْقِ سَبْعَةٌ: اَلْحِلْمُ، وَالْعَفْوُ، وَالتَّوَاضُعُ، وَالسَّخَآءُ، وَالشَّفَقَةُ، وَالنُّصْحُ،وَالْعَدْلُ وَالْاِنْصَافُ.

ખિલ્કતના મામલાના ઉસૂલના પણ સાત ભાગ છે: હિલ્મ, માફી, તવાઝોઅ, સખાવત, મહેરબાની, નસીહત, અદ્‌લ અને ઈન્સાફ.

وَاُصُوْلُ مُعَامَلَةِ الدُّنْيَا سَبْعَةٌ: اَلرِّضَا بِالدُّوْنِ، وَالْاِيْثَارُ بِالْمَوْجُوْدِ، وَتَرْكُ طَلَبِ الْمَفْقُوْدِ، وَبُغْضُ الْكَثْرَةِ، وَاخْتِيَارُ الزُّهْدِ، وَمَعْرِفَةُ اٰفَاتِهَا، وَرَفْضُ شَهَوَاتِهَا مَعَ رَفْضِ الرِّئَاسَةِ.

દુન્યવી મામલાના ઉસૂલના પણ સાત ભાગ છે: થોડામાં રાજી રહેવું, હાજર પ્રત્યે ત્યાગની ભાવના રાખવી, છૂટી ગયેલાની ઈચ્છા છોડી દેવી, અતિરેકથી નફરત કરવી, દુનિયાથી બેઝારી અપનાવવી, દુનિયાની આફતોને ઓળખવી, અને સત્તાના ઈન્કારની સાથે દુનિયાનાં પ્રલોભનોનો ઈન્કાર કરવો.

فَاِذَا حَصَلَتْ هٰذِهِ الْخِصَالُ فِيْ نَفْسٍ وَّاحِدَةٍ، فَهُوَ مِنْ خَآصَّةِ اللهِ وَعِبَادِهِ الْمُقَرَّبِيْنَ وَاَوْلِيَآءِهٖ حَقًّا.

તો જ્યારે આ ખાસિયતો કોઈ પણ માણસમાં પામવામાં આવે, તો તે ખરેખર અલ્લાહના ખાસ લોકોમાંથી અને નિકટના બંદાઓ તથા તેના વલીઓમાંથી છે."

# તહ્ઝીબુલ ઇસ્લામ

تہذیب الاسلام

લેખકઃ અલ્લામા મોહંમદ બાકિર મજલિસી

ઉર્દૂ અનુવાદકઃ મૌલાના સૈયદ મક્બૂલઅહમદ દહેલ્વી

ગુજરાતી અનુવાદકઃ હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.)

## પ્રકરણ–૩

## ખાવા–પીવાના આદાબ

### (૨) સ્વાદિષ્ટ ખાવાનું જાઇઝ હોવું – લાલચની બુરાઈ અને જરૂર કરતાં વધારે ખાવાની મઝમ્મત

અહલેબૈત (અ.)ની હદીસોથી જાહેર થાય છે કે સ્વાદિષ્ટ ભોજન ખાવું અને બીજા લોકોને ખવડાવવું અને તેની સ્વચ્છતા અને ખૂબીમાં બંદોબસ્ત કરવો સારી વાત છે અથવા એક કરતાં વધારે વાનગી ખવડાવવી સારી વાત છે. અને સ્વાદિષ્ટ ભોજનને પોતાના પર હરામ કરી લેવું યોગ્ય નથી, પરંતુ એ જરૂરી છે કે હલાલ કારણથી હોય. અને એટલું ખાવાનું ન ખાય કે અલ્લાહની ઈબાદતથી વંચિત રહે. જાનવરોની માફક દરેક સમયે ખાવાપીવાના વિચારોમાં મગ્ન ન રહે, પરંતુ ખાવાપીવાનો મૂળ હેતુ એ સમજે કે ઈબાદત કરવાની શકિત પ્રાપ્ત થાય. એ જરૂરી છે કે એટલો ખર્ચ ન કરે કે તેને ફુઝૂલખર્ચ કહેવામાં આવે, કેમ કે ખુદા ફુઝૂલખર્ચ કરવાવાળાને દોસ્ત રાખતો નથી.

મોઅતબર સનદથી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈમામ જાફર સાદિક (અ.) મોટા ભાગે ઉમદા પ્રકારની રોટીઓ, ઉત્તમ પ્રકારની ફિર્ની (ચોખાની વાનગી) અને સ્વાદિષ્ટ હલવો લોકોને ખવડાવતા હતા. અને એમ ફરમાવ્યા કરતા હતા કે, "જ્યારે ખુદા અમારા માટે વિશાળતા કરે છે, તો અમે પણ વિશાળ હૃદયથી લોકોને ખવડાવીએ છીએ, અને જે સમયે ઓછું મળે છે, તે સમયે અમે પણ કરકસરથી વર્તીએ છીએ.""

બીજી મોઅતબર હદીસમાં આપ (અ.)થી જ નકલ કરવામાં આવ્યું છે કે, "ખુદાએ તઆલા કયામતના દિવસે મોમિન બંદાથી ત્રણ વસ્તુઓનો હિસાબ લેશે નહીં: (૧) એ ખાવાનું કે જે એણે ખાધું હોય (૨) એ કપડાંનું કે જે એણે પહેર્યાં હોય (૩) અને એ પાકદામન પત્ની કે જેણે એની ઈચ્છા પૂરી કરી હોય અને તેને હરામથી સુરક્ષિત રાખ્યો હોય."

અબૂ ખાલિદ કાબુલી કહે છે કે, "હું હઝરત ઈમામ મોહંમદ બાકિર (અ.)ની સેવામાં હાજર થયો. આપ (અ.)એ સવારનો નાસ્તો મંગાવ્યો

અને મને પણ શરીક કર્યો. મેં એના પહેલાં આટલું સ્વાદિષ્ટ ખાવાનું કદી પણ ખાધું ન હતું. આપ (અ.) એ ફરમાવ્યું, "અમારું ખાવાનું કેવું છે?" મેં અરજ કરી કે, "કુરબાન થઈ જાઉં કે મેં તો આટલું સ્વાદિષ્ટ ખાવાનું કદી પણ ખાધું નથી, પરંતુ મને એ આયત યાદ આવી છે:

ثُمَّ لَتُسْـَٔلُنَّ يَوْمَىِٕذٍ عَنِ النَّعِيْمِ ۝٨

*(અને એ દિવસે તમારાથી ખુદાની નેઅમતોનો સવાલ જરૂર જરૂરથી કરવામાં આવશે.)"*

અને આપ (અ.)એ ફરમાવ્યું કે, "આ આયતમાં નેઅમતોનો અર્થ એ બે નેઅમતો છે: શીઆ મઝહબ અને વિલાયતે અહલેબૈત (અ.). આ બન્ને વિષે તમારાથી કયામતના દિવસે જરૂર અને જરૂર સવાલ કરવામાં આવશે.""

સહીહ સનદથી હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હક તઆલાનો કરમ એવો નથી કે મોમિનથી એના ખાવાપીવાની વસ્તુથી સવાલ કરે કે જે દુનિયામાં તેના માટે હલાલ કરવામાં આવી હોય."

સનદે હસનથી આપ (અ.)થી જ નકલ કરવામાં આવ્યું છે કે, "સ્વાદિષ્ટ ખાવાનું પકાવો, પોતાના દોસ્તોને બોલાવો અને તેમને ખાવાનું ખવડાવો."

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "કોઈ વસ્તુને પેટ ભરીને ખાવાથી સફેદ ડાઘ પેદા થાય છે."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "ત્રણ આદતો એવી છે કે જે કોઈ વ્યક્તિમાં હશે, તો ખુદા તઆલા તેને દુશ્મન રાખશે: (૧) રાત્રિજાગરણ કર્યા વગર દિવસે ઊંઘવું (૨) કસમયે હસવું (૩) ભરેલા પેટની સ્થિતિમાં ખાવાનું ખાવું."

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "મોમિન જે પેટમાં ખાય છે, તે એક પેટમાં ખાય છે અને કાફિર જે ખાય છે, તે સાત પેટમાં ખાય છે (બહુ જ ખાય છે)."

બીજી હદીસમાં નકલ કરવામાં આવ્યું છે કે, "અબૂ જુહૈફા આપ (અ.)ની સેવામાં હાજર થયો. એનું પેટ એવું ભરેલું હતું કે ઓડકાર પર ઓડકાર આવતા હતા. હઝરત ઈમામ જાફર સાદિક (અ.)એ ફરમાવ્યું કે, "પોતાના ઓડકારને રોકી લો, કેમ કે જે વ્યક્તિ દુનિયામાં ખૂબ પેટ ભરીને ખાશે, કયામતના દિવસે સૌથી વધારે ભૂખી રહેશે."

હઝરતના આ ફરમાન પછી અબૂ જુહૈફાએ મરતાં દમ સુધી કદી પેટ ભરીને ખાવાનું ન ખાધું."

એક બીજી હદીસમાં ફરમાવ્યું છે કે, "ખુદાએ તઆલા એ જઠરથી વધારે કોઈ વસ્તુને દુશ્મન રાખતો નથી કે જે ખાવાથી ખૂબ વધારે ભરેલું હોય."

હઝરત અમીરુલ મોમિનીન (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "હઝરત ઈસા (અ.) કોઈ શહેરમાં પહોંચ્યા. એક સ્ત્રી અને એક પુરુષ બૂમો પાડી પાડીને આપસમાં ઝઘડી રહ્યાં હતાં. લડાઈનું કારણ પૂછ્યું, તો પુરુષે જવાબ આપ્યો કે, "આ

મારી પત્ની છે. નેક અને પાક છે, કોઈ એબ ધરાવતી નથી, પરંતુ મને તે પસંદ નથી. હું તેનાથી જુદાઈ ઈચ્છું છું." હઝરત (અ.)એ પૂછ્યું, "છેવટે તેનું કારણ શું છે, તે બયાન કર." અરજ કરી કે, "આ હજુ ઘરડી થઈ નથી, પરંતુ તેના ચહેરાની રોનક જતી રહી છે." હઝરત ઈસા (અ.)એ સ્ત્રીને પૂછ્યું, "શું તું ઈચ્છે છે કે તારા ચહેરાની રોનક ફરીથી આવી જાય?" અરજ કરી, "કેમ નહીં?" ફરમાવ્યું, "જે સમયે તું ખાવાનું ખાય, પેટ ભરીને ન ખાતી, કેમ કે વધારે ખોરાક જઠરમાં જોશ મારે છે અને ચહેરાની રોનક બગાડી દે છે." જેથી એ સ્ત્રીએ હઝરત (અ.)ના ફરમાન મુજબ અમલ કરવાનું શરૂ કર્યું. થોડા દિવસોમાં તેનો ચહેરો સુધરી ગયો. અને તેના પતિને પણ તેનાથી મોહબ્બત થઈ ગઈ."

હઝરત ઈમામ મૂસા કાઝિમ (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જો લોકો ખાવા ખાવાની પદ્ધતિમાં મધ્યમમાર્ગ અપનાવે, તો તે હંમેશાં સમૃદ્ધ રહેશે."

હઝરત રસૂલલ્લાહ (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "પાંચ ટેવોથી કોઢ અને સફેદ દાગ પેદા થાય છે: (૧) જુમ્આ અને બુધવારના દિવસે નૂરો લગાવવો (૨) જે પાણી તાપમાં ગરમ થઈ ગયું હોય, તેનાથી વુઝૂ કે ગુસ્લ કરવું (૩) જનાબતની સ્થિતિમાં ખાવાનું ખાવું (૪) હૈઝની સ્થિતિમાં ઓરતથી સોહબત કરવી (૫) ભરેલા પેટ પર કંઈ ખાઈ લેવું."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "માણસને નાછુટકે એટલું જ તો ખાવું પડે છે કે જેનાથી શકિત બાકી રહે. તો જે સમયે ખાવાનું ખાય, પેટના એક ભાગને ખોરાક માટે રાખે, બીજા ભાગને પાણી માટે રાખે અને ત્રીજા ભાગને શ્વાસ લેવા માટે, અને પોતાના શરીરને જાડું કરવા માટે એવો પ્રયત્ન ન કરે, જેવું કે ઝુબ્હ કરવાના જાનવરને જાડું કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે." એ પણ ફરમાવ્યું કે, "જે વ્યકિત પેટ ભરીને ખાવાનું ખાશે, તે જરૂર ઝઘડો પેદા કરશે."

એમ પણ ફરમાવ્યું છે કે, "તાવ સિવાય જે પણ અચાનક થઈ જાય છે, તે દરેક પ્રકારનાં દર્દ અને બીમારી વધારે ખાવાથી થાય છે."

બીજી હદીસમાં હઝરત ઈસા (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, આપ (અ.)એ ફરમાવ્યું, "અય બની ઈસરાઈલ! જ્યારે તમને ભૂખ ન લાગે, ત્યારે કાંઈ પણ ન ખાઓ, અને જ્યારે ભૂખ લાગે અને ખાવા બેસો, તો પેટ ભરીને ન ખાઓ, કેમ કે જો પેટ ભરીને ખાશો, તો તમારી ગરદનો જાડી થઈ જશે, તમારા બાઝૂઓ જાડા થઈ જશે અને તમે પોતાના ખુદાને ભૂલી જશો."

હઝરત ઈમામ જાફર સાદિક (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, "જે વ્યકિત ખાવાનું વધારે ખાઈ લે અને પછી કહે કે, મને આ ખાવાથી નુકસાન થયું, તેને કુફ્રાને નેઅમત કરવાવાળાઓમાં ગણવામાં આવશે."

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં

આવ્યું છે કે, કેટલુંક દૂધ અને મધ રસૂલ (સ.)ની સામે મૂકવામાં આવ્યું. હઝરત (સ.)એ થોડું ખાઈને જમીન પર મૂકી દીધું. લોકોએ અરજ કરી, “યા રસૂલલ્લાહ (સ.)! શું આપ આ ખાવાને હરામ ફરમાવો છો?” ફરમાવ્યું, “ના. પરંતુ હું મારા ખુદા સામે નમ્રતા જાહેર કરું છું.”

હઝરત અમીરુલ મોમિનીન (અ.)ની સામે સુગંધીદાર અને સ્વાદિષ્ટ ફાલુદો તૈયાર કરીને લાવવામાં આવ્યો, અને તે વાસણ હઝરત (અ.)ની સામે મૂકવામાં આવ્યું. હઝરત (અ.)એ થોડુંક મોઢામાં મૂકી રાખ્યું. પછી ફરમાવ્યું, “આ વસ્તુઓ ખાવી હરામ નથી, પરંતુ હું ઈચ્છતો નથી કે જે વસ્તુની મને ટેવ નથી, તેની હું ટેવ પાડું.”

બીજી હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “જે વસ્તુ હઝરત રસૂલે ખુદા (સ.)એ ખાધી નથી, તેને હું કદી પણ ખાઈશ નહીં.”

એક બીજી હદીસમાં એ જ હઝરત (અ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “આ ઉમ્મત જ્યાં સુધી બીજી કોમનો પોશાક નહીં પહેરે અને બીજી કોમો જેવું ખાવાનું નહીં ખાય, તે ખૈર અને બરકતની સાથે રહેશે. અને જ્યારે બીજી કોમના રિવાજ અપનાવશે, તો ખુદા તઆલા તેને અપમાનિત કરશે.”

હઝરત રસૂલે ખુદા (સ.)થી નકલ કરવામાં આવ્યું છે કે, “સૌથી સારું સાલન (શાક) સિરકો છે અને ફુઝૂલખર્ચીના વિષયમાં આ જ કાફી છે કે કોઈ નેઅમત કે જે ખુદાના કોઈ બંદાની સામે આવે, તે એને નાપસંદ કરે અને તે એને ચાખે નહીં.”




# આધુનિક સમયમાં એક મુસ્લિમ માટે માર્ગદર્શન

લેખક: ડૉ. સૈયદ હુસૈન નસ્ર    અનુવાદક: મોમિન આબિદહુસૈન સાવદી

## વિભાગ–૧

## ઈસ્લામનો પયગામ

### પ્રકરણ ૨: અલ્લાહ, માણસ અને કાએનાત — મઆદ વિષેના પ્રશ્નો

**મઆદ:**

કુરઆને મજીદના ઘણાબધા સફ્હાત પર મોત, આખેરત, મનુષ્યનાં કાર્યો પર અલ્લાહના ફેંસલા, દુનિયાના અંત, અને પાછા ઊભા કરવા વિષે ઉલ્લેખ છે. કુરઆન અને હદીસમાં એવા વિષયો બહુ ઓછા છે કે જે 'મઆદ'ની જેમ વારંઘડીએ પુનરાવર્તિત થયા છે અને મુખ્ય છે. 'મઆદ' અરબી શબ્દ છે, જેનો અર્થ થાય છે 'પાછા ઊભા કરવું'. તેથી જ ઈસ્લામના મઆદ સંબંધિત ઉપદેશોની અગત્યને છોડીને ઈસ્લામના અન્ય ઉપદેશો વિષે ચર્ચા કરવી અશક્ય છે. તે ન કેવળ માણસના છેવટના અંત માટે જ, બલ્કે આ દુનિયામાંના તેના જીવન માટે પણ મહત્ત્વ રાખે છે. ઈસ્લામના મઆદ સંબંધિત મોટાભાગના ઉપદેશો કુરઆનના આખરી સૂરાઓમાં સમાયેલા છે, પરંતુ તે સમગ્ર કુરઆનમાંય દેખાય છે. આવી જ રીતે, હદીસના પ્રમાણભૂત સંગ્રહોમાં 'મઆદ'ના વિશેષ વિભાગો છે.

રસૂલલ્લાહ — જેમના પર સલવાત અને સલામ થાય — પોતાના સહાબીઓને હંમેશાં મોતના નજીક હોવા વિષે યાદ અપાવતા રહેતા. તે આપ (સ.) જ હતા કે જેમણે ફરમાવ્યું, "મૃત્યુ પામ્યા પહેલાં જ મૃત્યુ પામી જાઓ," અને એવું કહેવાય છે કે આપ (સ.) મુસલમાનોને એવી રીતે જીવન જીવવાનું કહેતા કે જાણે કાલે જ મોત આવી જવાનું હોય, અને એ રીતે જીવવાનું પણ કહેતા કે જાણે એક હજાર વર્ષ જીવવાના હો. રસૂલલ્લાહ (સ.) મનુષ્યની આત્મા (નફ્સ)ના અમરત્વ વિષે, મનુષ્યનાં કાર્યો પર અલ્લાહના ફેંસલા વિષે, અને દુનિયામાંના આપણા જીવન અને કાર્યોનાં કાયમી પરિણામો વિષે પણ પોતાના સહાબીઓને યાદ અપાવતા રહેતા. તેથી, ઈસ્લામી ઈતિહાસના પ્રારંભથી જ, મુસ્લિમ વિચારકો મઆદ વિષે ચિંતનમનન કરતા રહ્યા છે, અને દરેક મુસ્લિમ પણ પોતાના જીવનમાં હંમેશાં મઆદ પ્રત્યે સંપૂર્ણપણે

સભાન રહ્યો છે.

ચાલો, આપણે શરૂઆત કરીએ ઈસ્લામના એ ઉપદેશોથી જે સંબંધિત છે મઆદના એ પાસાથી જે વ્યક્તિગત મનુષ્યને લાગેવળગે છે. ઈસ્લામ અનુસાર, જીવન ન કેવળ આ દુનિયામાં જ છે, બલ્કે આવનારી દુનિયામાં પણ જીવન છે. જો 'આખેરતના જીવન' અથવા 'કાયમી જીવન'નો ઈન્કાર કરી દેવામાં આવશે તો ઈસ્લામના સઘળા ઉપદેશો નષ્ટ થઈ જશે. 'બીજી દુનિયા', અથવા 'આખેરત' ઈમાનદાર મુસલમાનોની દરેક પેઢીના જીવનમાં પ્રખર, ઠોસ અને મુખ્ય હકીકત તરીકે ઝળકે છે. કુરઆન માણસને યાદ અપાવે છે કે, "અને આખેરત તો છે જ સારી તમારા માટે પ્રથમ (દુનિયા) કરતાં." કુરઆન અને હદીસમાં ઠેર ઠેર એ જ શીખવવામાં આવ્યું છે કે અલ્લાહ આપણાં સઘળાં કાર્યોને નિહાળે છે, કે આપણે આપણાં સારાં કાર્યો માટે સવાબ પામીશું, કે આપણે કરેલાં ખરાબ કાર્યોનું પરિણામ પણ આપણે ભોગવવું પડશે. આ દુનિયા, અસલમાં, એક ખેતર જેવી છે, જેમાં આપણાં કાર્યોને બીજની જેમ વાવવામાં આવે છે, અને તે છોડ તરીકે વિકાસ પામે છે, કે જેની આખેરતમાં લણણી થશે. અને આ છબી જુદાંજુદાં સ્વરૂપોમાં હદીસ સહિતના વિવિધ ઈસ્લામી ઉપદેશોમાં દેખાય છે. જેમ કે, હદીસમાં છે કે, "આ દુનિયા આખેરત માટે વાવેતરની જગ્યા અથવા ખેતીની જગ્યા છે."

માનવજીવનની રચના એવી રીતે થઈ છે કે, જે કાર્યો આપણે આ દુનિયામાં અહીં અને અત્યારે કરીએ છીએ તેનાં પરિણામો ન કેવળ આ ક્ષણ પછી, કે ન તો આ કાર્યના તરત પછી, બલ્કે આ દુનિયાના પછી પણ છે, કારણ કે તે (બધાં કાર્યો) આપણા અમર નફ્સને પણ પ્રભાવિત કરે છે. માણસ એક અમર નફ્સ ધરાવે છે, અને મોતની વેળાએ પણ તેનું અસ્તિત્વ સમાપ્ત થતું નથી, જેવી રીતે કે તેનો નફ્સ તેની જીવનશૈલી અનુસાર અને અલ્લાહની રહમતને કારણે વિવિધ અવસ્થાઓમાં જીવંત જ રહે છે. અહીં ફરીથી અલ્લાહના અદ્લ અને રહમત વચ્ચે પારસ્પારિકતા જોઈ શકાય છે, જેને કેવળ એક સરળ હિસાબ રાખવા સુધી અથવા સીધીસાદી ગણતરી સુધી સીમિત નથી કરી શકાતી. અલ્લાહની એક મખ્લૂક દ્વારા કરવામાં આવેલ ગુનાહે કબીરાની માફી મળી શકે છે, જો તે ઈસ્તિગ્ફાર કરે, અને અંતઃકરણપૂર્વક તોબા કરી લે; જ્યારે કે, એક ગુનાહે સગીરા, જો તે નફ્સ પર સતત ડાઘ લગાવતો રહે, તો તે હકીકતમાં તેના પર કાયમી અસર છોડી શકે છે, જે બાબત નફ્સ પર મોત પછી અઝાબ લાવી શકે છે.

ગુનાહે કબીરા શું છે, ગુનાહે સગીરા શું છે, અલ્લાહ શેને માફ કરે છે અને તે શેને માફ નથી કરતો, તથા મનુષ્યનું મોત પછી જીવન કેવું હશે — આ સઘળા પેચીદા પ્રશ્નો છે, જેમાં ઈલાહી રહમત અને ઈલાહી અદ્લની રહસ્યતા જોડાયેલી છે, અને તેથી જ તેને સરળ સમીકરણ વડે રજૂ નથી કરી

શકાતા. જો કે, ઈસ્લામના અહ્કામ બિલકુલ સ્પષ્ટ છે. તેમના અનુસાર, જેઓ સારું જીવે છે તેઓ સારું મોત પામે છે, અને મોત પછીની મનુષ્યની હાલતનો દારોમદાર તે આ દુનિયામાં કેવું જીવન જીવ્યો તેના પર છે. જે માણસ ઈસ્લામના ઉસૂલ પ્રમાણે જીવે છે, તે વિવિધ જન્નતોમાં ખુશહાલ રહેશે, જેને કુરઆન ખૂબ જ સુંદર રીતે વર્ણવે છે, ચિહ્નોની ભાષામાં, સૂરા રહમાન જેવી સૂરતોમાં આ વર્ણનને કુરઆનની વિશેષ પરિભાષાઓ વડે બયાન કરવામાં આવ્યું છે. જ્યારે કે, જેઓ બુરાઈ કરે છે અને તોબા નથી કરતા તેઓ દોઝખી પરિસ્થિતિઓનો કષ્ટ ભોગવશે, જેની તરફ કુરઆન પણ વારંઘડીએ ઈશારો કરે છે, જેમ કે આયતમાં છે કે, "તેઓનાં દિલોની અંદર એક બીમારી છે, અને અલ્લાહે તેમની બીમારીને વધારી દીધી છે, અને દર્દનાક હશે તેમની સજા જે તેઓ પામશે, કારણ કે તેઓ જુઠ્ઠા હતા," "આવા માણસોનું ઠેકાણું જહન્નમ છે, અને તે કેટલું ખરાબ ઠેકાણું છે!"

તેથી, મઆદના મામલામાં યાદ રાખવાલાયક સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે તેનો ખૂબ જ મહત્ત્વપૂર્ણ નૈતિક અર્થ છે. તે અર્થ એ છે કે માણસે આ દુનિયામાં નૈતિકતાભર્યું જીવન જીવવું જોઈએ, પોલિસ અથવા સરકારના કાયદાઓના ડરથી નહીં, પરંતુ અલ્લાહના ખોફથી. અલ્લાહની મોહબ્બત અને અલ્લાહની માઅરેફત મૂળભૂત રીતે તેના ખોફ પર આધારિત છે, અને તેથી જ કહેવાય છે કે, "હિકમતનું મૂળ અલ્લાહનો ખોફ છે." આ ખોફ કેવળ અલ્લાહની મહાનતા પર જ આધારિત નથી, પરંતુ મનુષ્ય હોવાની ભવ્યતા સાથે પણ સંબંધિત છે, એ હકીકતની સાથે કે આપણને મનુષ્ય હોવાની જવાબદારી આપવામાં આવી છે, અને અલ્લાહના ઉપદેશોનું પાલન કરવાની કે તેમની વિરુદ્ધ બળવો કરવાની સ્વતંત્ર ઈચ્છા આપવામાં આવી છે. આપણી પાસે મનુષ્યને મામૂલી સમજવાની શકયતા નથી, આ તો એવી વાત છે જાણે કે આપણે સ્વતંત્ર નથી, તેથી આપણે ધરતી પર અલ્લાહના ખલીફા નથી. આ તો આપણા માટે શકય નથી. આપણાં કાર્યોની આપણી કબ્રની અંદર પણ અસર છે, કે જેને આપણે ટાળી શકતા નથી. અને ખાસ તો એટલે કે આપણે મનુષ્ય છીએ, આપણા જીવનનો મોતવેળાએ સંપૂર્ણ નાશ થતો નથી. બલ્કે, નફ્સ અને રૂહ શરીરના મોત પછી પણ જીવિત રહે છે. આ બધી હકીકતોના કારણે આપણે નૈતિક ઉસૂલ પ્રમાણે જીવન જીવવું જોઈએ. આપણે એ વસ્તુથી પરહેઝ કરવું જોઈએ જે બુરાઈ છે, ખાસ એ વસ્તુથી જેને કુરઆન અને હદીસ બુરાઈ કહે છે. આપણે જીવન જીવવું જોઈએ અલ્લાહની મરજી પ્રમાણેનું, કે જેવું કુરઆનમાં નાઝિલ થયું છે અને હદીસ અને સુન્નતમાં જેની વધુ સ્પષ્ટતા આપવામાં આવી છે.

પાછળથી અસ્તિત્વમાં આવનાર સાહિત્યમાં, ખાસ કરીને કુરઆનની તફસીરોમાં અને હદીસના

વિવરણોમાં, વ્યક્તિગત મનુષ્યજીવનની મઆદ સંબંધિત હકીકતોને વર્ણવવામાં આવી છે. અરબી તેમ જ અન્ય ઈસ્લામી ભાષાઓમાં એવી બધી કિતાબો મોજૂદ છે કે જે કુરઆન અને હદીસની રોશનીમાં નફ્સના મોત પછીના અનુભવ વિષે ચર્ચા કરતી હોય. બીજી ઘણી એવી પરંપરાગત કિતાબો પણ છે, જેમાં મોતની વેળાએ મનુષ્યના અનુભવો, મૈયતની તદ્ફીનના અહ્કામ, અને મોતના સમયે અને તદ્ફીન વખતે પઢવામાં આવતી દુઆઓ અને કરવામાં આવતી કુરઆનની તિલાવત, અને તદ્ફીન અને ગુસ્લ સંબંધી અહ્કામનું વર્ણન છે. આ સઘળા ઉપદેશોનો સંબંધ મૃતકના મોત પછીના અનુભવ સાથે છે. તે મૃતકના આ દુનિયાથી આખેરત તરફના સફરમાં સહેલાઈ પેદા કરવા માટે છે.

રિવાયતોમાં મોત પછી ઈન્સાની નફ્સ જે ત્રણ અલગ–અલગ પ્રકારની અવસ્થાઓનો અનુભવ કરે છે તેનું ખૂબ જ વિસ્તૃત વર્ણન છે: જન્નતી, બરઝખી અને દોઝખી. આપણે આ અવસ્થાઓમાંથી એકનો અનુભવ કરીશું એના આધારે કે આપણે કોણ છીએ, આપણે કેવા છીએ, અને આપણે આ દુનિયામાં આપણું જીવન કેવી રીતે જીવ્યા છીએ. એક અર્થમાં આપણે આપણાં કાર્યો દ્વારા આપણા 'ઊભું કરવામાં આવનારા શરીર'ને ઓપ આપીએ છીએ, અને આપણે આપણાં આ કાર્યો વડે જે ઓપ આપ્યો તેના આધારે આપણે મોત પછીની આ અવસ્થાઓમાંથી કોઈ એકમાં પ્રવેશ કરીએ છીએ, જે આપણા અસ્તિત્વને અનુરૂપ હોય છે. આમાંની કેટલીક અવસ્થાઓનું વર્ણન ભવ્ય રીતે કુરઆનમાં અને અન્યોનું વર્ણન હદીસમાં કરવામાં આવ્યું છે. ઈસ્લામી વહી પરથી ઊતરી આવેલ કુરઆન અને હદીસ અને તેના વિવરણોમાં કબ્ર પછીના વિવિધ તબક્કાઓ અંગે ખૂબ જ વિસ્તૃત ઈસ્લામી ઉપદેશો જોવા મળે છે.

આ ઉપરાંત, કુરઆન અને હદીસ અનુસાર, અલ્લાહનું આપણો હિસાબકિતાબ કરવું, કબ્રમાંથી ફરીથી ઊભા થયા પછી નફ્સોનું પુલે સિરાત પરથી પસાર થવું, આપણા સારા ને ખરાબ કાર્યોનું મીઝાનમાં તોળાવું, વગેરે જેવા મામલાઓ દરેક મનુષ્ય માટે મઆદ સંબંધી વાસ્તવિકતાઓની રચના કરે છે. આ બધા ઉપદેશો કુરઆનના ઈન્સાની નફ્સના અમરત્વ અને ઈન્સાનના પાછા ઊભા કરવાના ખૂબ જ સંપૂર્ણ અને સ્પષ્ટ આગ્રહ પર આધારિત છે, ફક્ત નફ્સના જ નહીં પરંતુ શરીરના પણ પાછા ઊભા કરવા (અલ–મઆદ અલ–જિસ્માની) પર પણ. શારીરિક રીતે પાછા ઊભા કરવા વિષે હકીકતમાં ઈસ્લામની બધી રૂઢિચુસ્ત શાખાઓમાં સ્પષ્ટ ઉલ્લેખ છે. તે ફક્ત નફ્સના જીવિત રહેવા અને મૃત્યુ પછી જીવન વ્યતિત કરતા રહેવાની જ વાત નથી. પાછા ઊભા કરવાના દિવસે શરીર તેમ જ નફ્સને અલ્લાહ સમક્ષ સજીવન કરવામાં આવશે. (ક્રમશ:)

100%
કુદરતી અને રસાયણ મુક્ત

શુધ્ધતા પણ, સ્વાસ્થ્ય પણ, સ્વાદ પણ...

# એગ્રીનેચર

બંધાણી ફાર્મર્સ એલ.એલ.પી.

“ખેડૂતો દ્વારા ઉત્પાદિત ઘાણીના કોલ્ડ પ્રેસ્ડ તેલ અને ચક્કીના વિવિધ મસાલા”

## અમારા ત્યાં બનતા ઉત્પાદનો

### ઘાણીના તેલ

- સિંગ તેલ (મગફળીનું તેલ)
- સરસવ તેલ
- રાયડા તેલ
- તલ તેલ
- કોપરેલ તેલ
- બ્લેન્ડેડ હેર ઓઇલ
- બ્લેન્ડેડ મસાજ ઓઇલ

### મસાલા

- પ્રીમિયમ મરચું પાઉડર
- રેશમપટ્ટી મરચું પાઉડર
- હોટ તેજા મરચું પાઉડર
- પ્રીમિયમ હળદળ પાઉડર
- પ્રીમિયમ ધાણા જીરું
- ધાણા પાઉડર
- સિંધવ નમક
- નેચરલ ચા પત્તી

↓↓↓


ડીલર બનવા અને વ્યાપારિક પૂછપરછ આવકાર્ય



- ઉત્તર ગુજરાતના દરેક વિસ્તારોમાં ઉપલબ્ધ
- ગુણવત્તાની સંપૂર્ણ ખાતરી
- ભેળસેળ મુક્ત અને કુદરતી પદ્ધતિથી ઉત્પાદન
- અમારી વસ્તુ પસંદ ના આવે તો 100% રીફન્ડ (પરત) આપવામાં આવશે
- મક્તબાહ જાફરીયા ટ્રેડ ફેર, વાઇબ્રન્ટ ગુજરાત સમિટ, સ્ટાર્ટઅપ ગુજરાત સમિટ, WSSRO એક્ઝીબિશનમાં લોકોનો બહોળો પ્રતિસાદ

વધુ માહિતી માટે સંપર્ક કરો:
83476 14814

ગામ : બાદરગઢ, તાલુકો : પાલનપુર - બનાસકાંઠા, ગુજરાત - ૩૮૫૪૧૦


ZAHAB
JEWELLERS
હવે, હિંમતનગરમાં
જ્યાં ભરોસો, ભવ્યતા અને શણગારની દુનિયા
શુભ પ્રસંગ માટે શ્રેષ્ઠ પસંદગી,
સંપૂર્ણ પારદર્શિતા સાથે, કોઈ છૂપા ચાર્જીસ વગર.
ZAHAB
Zahab Jewellers
તદ્દન ફ્રી
ટેસ્ટિંગ મશીન વડે ઝવેરાતની ગુણવત્તા ચકાસો
100%
BIS હોલમાર્ક
100%
બાયબેકની ગેરંટી
+91 99254 22977
www.zahabjewellers.com
Shop No. B6-B7-B8 Ground Floor, Shantam-7, Nr. R.T.O. Circle, Himmatnagar,
Sabarkantha, Gujarat-383001

# હઝરત નાફેઅ ઇબ્ને હિલાલ જમલી (અ.)

- મૌલવી મોહંમદઅલી ભગત (બાદરપુર)

હઝરત ઈમામ હુસૈન (અ.)ના એક સહાબી. કરબલાના શહીદ.

આપ (અ.) મૌલા અલી (અ.)[1] અને હઝરત ઈમામ હુસૈન (અ.)ના બહાદુર સહાબી હતા.[2] આપ (અ.) હઝરત ઈમામ અલી (અ.)ની સાથે ત્રણેય જંગો (જંગે જમલ, જંગે સિફ્ફીન અને જંગે નહ્રવાન)માં હાજર હતા, કુરઆનના કારી અને મુહદ્દિસ (હદીસના જાણકાર) હતા. આપ (અ.) પોતાની કોમના સરદાર, શરીફ અને બહાદુર હતા.[3] અહીંયાં એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે આવા નામનો એક માણસ હતો કે જેનું નામ હિલાલ ઈબ્ને નાફેઅ જમલી હતું, અને આ ઉમર ઈબ્ને સઅદના લશ્કરમાં હતો. તેણે કરબલાની રિવાયતો કરી છે, અને એટલા માટે તે માણસ અને આ નાફેઅ ઈબ્ને હિલાલ (અ.)ના નામમાં લોકોને સમાનતા લાગે છે, જેના કારણે નામમાં ભૂલ થાય છે.[4]

**હસબનસબ:**

આપ (અ.)નું પૂરું નામ નાફેઅ ઈબ્ને હિલાલ ઈબ્ને નાફેઅ ઈબ્ને જમલ ઈબ્ને સઅદ અશીરા ઈબ્ને મઝહજ મઝહજી જમલી છે.

**ઈમામ (અ.)થી મુલાકાત:**

આપ (અ.) ઈમામ (અ.)ના ઈરાક આવવાની ખબર સાંભળીને કૂફાથી નીકળી ગયા હતા અને હઝરત મુસ્લિમ ઈબ્ને અકીલ (અ.)ની શહાદત પહેલાં જ રસ્તામાં ઈમામ (અ.)થી મુલાકાત કરી હતી. આપ (અ.) કૂફામાં પોતાનો એક 'કામિલ' નામનો ઘોડો છોડીને ગયા હતા અને કહ્યું હતું કે આ ઘોડાને તેમની પાસે પાછળથી મોકલી આપવામાં આવે. તેથી જ્યારે 'ઉઝૈબુલ હિજાનાત'માં ચાર લોકો હઝરત તિરિમ્માહ ઈબ્ને અદી (રઝી.)ની સાથે ઈમામ (અ.)ને મળ્યા તો ઘોડો સાથે લઈને આવ્યા હતા.[5]

**ઈમામ (અ.)ના ખુત્બાનો જવાબ:**

જ્યારે હઝરત હુર (અ.)ના લશ્કરે ઈમામ (અ.) પર દબાણ કર્યું અને ઈમામ (અ.)એ તે સમયે ખુત્બો આપ્યો, તો તેના જવાબમાં હઝરત ઝુહૈર (અ.), હઝરત નાફેઅ (અ.) અને બુરૈર ઈબ્ને ખુઝૈર (અ.)એ પણ ઊભા થઈને જવાબ આપ્યો કે, "અય

1 અલ–હદાઈક અલ–વરદીયા, સફહા–૧૨૨; અલ–અમાલી લિશ્શજરી, જિલ્દ–૧, સફહા–૧૭૨

2 રિજાલુત્તૂસી, સફહા–૧૦૬

3 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૪૭

4 જુઓ: લહૂફ, સફહા–૧૭૭

5 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૪૭; તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૦૫

રસૂલલ્લાહ (સ.)ના ફરઝંદ! આપને ખબર જ છે કે આપના નાના રસૂલલ્લાહ (સ.) સાથે એ શક્ય ન બન્યું કે લોકો આપ (સ.)થી ખૂબ જ મોહબ્બત કરે અને આપ (સ.)ની એવી ઈતાઅત કરે કે જેવી આપ (સ.) ચાહતા હતા, કારણ કે સાથ આપનારાઓમાં કેટલાય મુનાફિક હતા, જેમણે આપ (સ.)ને મદદ કરવાનો વાયદો કર્યો અને ગદ્દારીને દિલમાં છુપાવી રાખી. તેઓ વાતો તો એવી કરતા હતા કે જે મધ કરતાંય મીઠી હતી, પરંતુ કિરદારમાં ખૂબ જ કડવા હતા, એટલે સુધી કે રસૂલલ્લાહ (સ.)નો ઈન્તેકાલ થઈ ગયો. આપના વાલિદ અલી (અ.)ને પણ આવી પરિસ્થિતિનો સામનો કરવો પડ્યો. કેટલાક લોકોએ આપ (અ.)ની મદદ કરી અને આપ (અ.)ની સાથે રહીને નાકિસીન (જંગે જમલમાં ભાગ લેનારા), કાસિતીન (જંગે સિફ્ફીનમાં ભાગ લેનારા) અને મારિકીન (જંગે નહ્રવાનમાં ભાગ લેનારા)ની વિરુદ્ધ જંગ કર્યો, અને કેટલાક લોકોએ દુશ્મની કરી, એટલે સુધી કે આપ (અ.)ની શહાદત થઈ ગઈ, અને આજે અમારી નજરમાં આપની સામે પણ એવી જ પરિસ્થિતિ આવી છે, માટે જે આજે વાયદાને તોડશે, અને નિય્યત બગાડશે તે પોતાનું જ નુકસાન કરશે, અને અલ્લાહ આપને બેનિયાઝ કરી દેશે, એટલા માટે કે, અલ્લાહની કસમ, અમને અલ્લાહના નક્કી કરેલા ફેંસલા પર કોઈ શંકા નથી, અને ન તો અમને અમારા રબની મુલાકાત કરવામાં કોઈ અણગમો છે, અને અમે અમારી નિય્યતો અને અકીદા પર કાયમ છીએ, અને એનાથી મોહબ્બત રાખીએ છીએ જે આપનાથી મોહબ્બત રાખે છે, અને એનાથી દુશ્મની રાખીએ છીએ જે આપનાથી દુશ્મની રાખે છે."[1]

**નહેર પર જંગ:**

જ્યારે ઉમર ઈબ્ને સઅદના હુકમથી નહેર પર પહેરો લગાવવામાં આવ્યો, અને ઈમામ (અ.) અને આપ (અ.)ના સહાબીઓ પર પાણીને બંધ કરી દેવામાં આવ્યું, જેના કારણે ઈમામ (અ.)નું લશ્કર ખૂબ જ તરસ્યું થયું, તો ઈમામ (અ.)એ પોતાના ભાઈ હઝરત અબ્બાસ ઈબ્ને અલી (અ.) ને પાણી લાવવાની જવાબદારી આપી. આ અંદાજે આઠમી અથવા નવમી મોહર્રમની રાતનો બનાવ છે. હઝરત અબ્બાસ (અ.) ત્રીસ સવાર અને વીસ પ્યાદાઓની સાથે વીસ મશ્કો લઈને આગળ વધ્યા, અને નહેરની નજીક પહોંચ્યા. હઝરત નાફેઅ (અ.) એ અલમ પોતાના હાથમાં લીધો અને આગળ વધી ગયા. અમ્ર ઈબ્ને હજ્જાજ ઝુબૈદી કે જે નહેરનો પહેરેદાર હતો, તેણે આપ (અ.)ને રોક્યા અને પૂછ્યું કે, "તમે કોણ છો? નહેર પર કેમ જાઓ છો?" આપ (અ.)એ જવાબ આપ્યો કે, "અમે એટલા માટે આવ્યા છીએ કે આ નહેરના પાણીને લઈએ, જેને તમે અમારા માટે બંધ કરી દીધું છે." તેણે જવાબ આપ્યો કે, "પેટ ભરીને પીઓ." આપ (અ.)એ ફરમાવ્યું કે, "ના, અલ્લાહની કસમ, અમે એક ટીપું પણ નહીં પીએ, કારણ કે હુસૈન (અ.) તરસ્યા છે, તને અમે કોના સાથીઓ લાગીએ

1 ઈબ્સારુલ ઐન ફી અન્સારિલ હુસૈન (અ.), સફહા–૧૪૭

છીએ!" તેથી લશ્કરને ખબર પડી કે આ હુસૈન (અ.)ના સાથીઓ છે, તેથી અમ્ર ઈબ્ને હજ્જાજે કહ્યું કે, "આ લોકોને પાણી આપવું શક્ય નથી. આપણને એટલા જ માટે આ જગ્યાએ મૂકવામાં આવ્યા છે કે જેથી આપણે આ લોકોને પાણીથી રોકીએ." જ્યારે હઝરત નાફેઅ (અ.)ના સાથીઓ નજીક આવ્યા તો આપ (અ.)એ પોતાના સાથીઓને કહ્યું કે, "તમારી મશ્કો ભરી દો." તેથી તેઓ બધા આગળ વધ્યા અને પોતાની મશ્કોને ભરી દીધી. અમ્ર ઈબ્ને હજ્જાજે પોતાના સાથીઓની સાથે તેમના પર હુમલો કર્યો, તો હઝરત અબ્બાસ ઈબ્ને અલી (અ.) અને હઝરત નાફેઅ ઈબ્ને હિલાલ (અ.)એ સામે તેમના પર હુમલો કર્યો, તો દુશ્મનો રોકાઈ ગયા અને પોતાના પડાવ તરફ પાછા જતા રહ્યા, અને કહેવા લાગ્યા કે, "તેમને છોડી દો." પછી તેમના પર અમ્ર ઈબ્ને હજ્જાજ અને તેના સાથીઓએ ફરીથી હુમલો કર્યો. અમ્ર ઈબ્ને હજ્જાજના સાથીઓમાંથી 'સુદાઅ' કબીલાના એક માણસને નેઝો મારવામાં આવ્યો. આ નેઝો હઝરત નાફેઅ ઈબ્ને હિલાલ (અ.)એ માર્યો હતો, જેના કારણે તે મરી ગયો, અને ઈમામ હુસૈન (અ.)ના સાથીઓ મશ્કો લઈને પાછા ઈમામ (અ.)ની ખિદમતમાં આવી ગયા.[1]

**ઈમામ (અ.)નો બચાવ:**

જ્યારે હઝરત અમ્ર ઈબ્ને કરઝા (અ.)ની શહાદત થઈ ત્યારે તેમનો ભાઈ અલી ઈબ્ને કરઝા — જે ઉમર ઈબ્ને સઅદના લશ્કરમાં હતો — કહેવા લાગ્યો કે, "અય હુસૈન! તમે મારા ભાઈને ગુમરાહ કર્યા અને તેમને ધોખો આપ્યો, જેથી તે કતલ થઈ ગયા." ઈમામ (અ.)એ જવાબ આપ્યો કે, "અલ્લાહે તારા ભાઈને ગુમરાહ નથી કર્યા, પરંતુ અલ્લાહે તો તેમની હિદાયત કરી અને તને ગુમરાહ કર્યો." તેણે કહ્યું કે, "જો હું તમને કતલ ન કરી દઉં અથવા તમને કતલ કરવામાં હું પોતે ન મરી જાઉં તો અલ્લાહ મને કતલ કરી દે." આટલું કહીને તેણે ઈમામ (અ.) પર હુમલો કર્યો, તો હઝરત નાફેઅ ઈબ્ને હિલાલ (અ.) ઈમામ (અ.)ના બચાવમાં ઈમામ (અ.)ની સામે આવી ગયા, અને દુશ્મનનો મુકાબલો કર્યો, અને તેના પર નેઝાનો વાર કર્યો, તો તે નીચે પડી ગયો. આ જોઈને તેના સાથીઓએ તેને ઉઠાવી લીધો અને તેની દવા કરાવી, તો થોડા સમય પછી તે તંદુરસ્ત થઈ ગયો.[2]

**હઝરત નાફેઅ (અ.)નો હુમલો:**

દસમી મોહર્રમે કરબલામાં બધા શહીદોએ બહાદુરીથી દુશ્મનોનો મુકાબલો કર્યો અને ઈમામ (અ.)નો બચાવ કર્યો, જેમાં હઝરત નાફેઅ (અ.) એ પણ એક મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આપ (અ.) જ્યારે જંગના મેદાનમાં આવ્યા તો કહેવા

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૧૨; મકાતિલુત્તાલિબિય્યીન, સફહા–૧૧૭; તઝિકરતુલ ખવાસ્સ, સફહા–૨૪૮

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૪

લાગ્યા કે, "હું જમલી છું. હું અલી (અ.)ના દીન પર છું." આ સાંભળીને દુશ્મનોના લશ્કરમાંથી એક દુશ્મન બહાર આવ્યો, જેનું નામ મુઝાહિમ ઈબ્ને હુરૈસ હતું, અને તે કહેવા લાગ્યો કે, "હું ઉસ્માનના દીન પર છું." તો આપ (અ.)એ તેને જવાબ આપ્યો કે, "તું શયતાનના દીન પર છે." પછી તેના પર હુમલો કર્યો અને તેને કતલ કરી દીધો.[1]

**તીરંદાજી:**

હઝરત નાફેઅ ઈબ્ને હિલાલ (અ.) પ્રખ્યાત તીરંદાજ હતા. આપ (અ.)એ પોતાનાં તીરોનાં ફળ પર પોતાનું નામ લખી રાખ્યું હતું, અને તીરોને ઝેરમાં ભેળવી રાખેલાં હતાં. આપ (અ.)એ તીર મારવાની શરૂઆત કરી, જેમાંથી કેટલાકને જખ્મી કર્યા હતા અને બાર દુશ્મનોને કતલ કરી દીધા હતા.[2]

**ગિરફ્તારી અને શહાદત:**

દુશ્મનોની ફોજે આપ (અ.)ને ચારેય બાજુથી ઘેરી લીધા અને આપ (અ.) પર પત્થર અને નેઝા (ભાલા) વરસાવવાનું શરૂ કર્યું, અને આપ (અ.)ના બન્ને બાઝૂને ઝખ્મી કરી નાખ્યા, અને આપ (અ.) ને કેદી બનાવી દીધા. શિમ્ર ઈબ્ને ઝિલ્જૌશને આપ (અ.)ને પકડ્યા અને તેની સાથે તેના સાથી દુશ્મનો પણ હતા, અને આ બધાએ હઝરત નાફેઅ (અ.)ને ખેંચીને ઉમર ઈબ્ને સઅદની પાસે લઈ ગયા. ઉમર ઈબ્ને સઅદે કહ્યું કે, "અફસોસ થાય તમારા પર, અય નાફેઅ! તમે તમારી જાત સાથે આ કેવું કર્યું?" આપ (અ.)એ જવાબ આપ્યો કે, "મારો રબ જાણે જ છે કે હું શું ઈરાદો રાખું છું." આપ (અ.)ની દાઢી મુબારક પરથી લોહી વહી રહ્યું હતું. આવી હાલતમાં આપ (અ.) કહી રહ્યા હતા કે, "અલ્લાહની કસમ! મેં તમારામાંથી બાર લોકોને કતલ કર્યા અને બીજા કેટલાયને જખ્મી કરી દીધા, જેનો મને કોઈ અફસોસ નથી, અને જો મારો બાઝૂ અને મારો હાથ સલામત હોત, તો તમે મને ક્યારેય કેદ ન કરી શકતા." આ સાંભળીને શિમ્રે કહ્યું કે, "આમને કતલ કરી દેવા જોઈએ." ઉમર ઈબ્ને સઅદે કહ્યું કે, "તું આમને પકડીને લાવ્યો છે, જો તું ચાહે તો કતલ કરી દે." પછી શિમ્રે પોતાની તલવાર કાઢી. હઝરત નાફેઅ (અ.)એ તેને કહ્યું કે, "અલ્લાહની કસમ! જો તું મુસલમાન હોત તો તારા માટે એ વાત ખૂબ જ અસહ્ય હોત કે તું અમારા ખૂનના ગુનાહના બોજની સાથે અલ્લાહની મુલાકાત કરે. બધી જ હમ્દ અલ્લાહની છે કે જેણે અમારું મોત પોતાની સૌથી ખરાબ ખિલ્કતના હાથે આપ્યું." પછી શિમ્રે પોતાની તલવાર વડે આપ (અ.)ને શહીદ કરી દીધા.[3]

ઈમામે ઝમાના (અ.)થી મન્સૂબ ઝિયારતે નાહિયામાં આપ (અ.) પર આ રીતે સલામ મોકલવામાં આવી છે:

اَلسَّلَامُ عَلٰى نَافِعِ بْنِ هِلَالِ بْنِ نَافِعِ الْبَجَلِيِّ الْمُرَادِيِّ

1 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૫; અલ–કામિલ ફિત્તારીખ, જિલ્દ–૨, સફહા–૫૬૮

2 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૩૫; અલ–કામિલ તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૪૧

3 તારીખે તબરી, જિલ્દ–૫, સફહા–૪૪૧; અલ–બિદાયા વ અલ–નિહાયા, જિલ્દ–૮, સફહા–૧૮૪

# આપણા ઘરની વાતો

**અભિનંદન...**



બાદરગઢનિવાસી **ડૉ.મોહંમદહુસૈન તાલિબઅલી ખોરજીયા**ની નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ અર્થશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પસંદગી થઈ છે. તેમણે પી.એચ.ડી. (એગ્રિકલ્ચર ઈકોનોમિક્સ) અને પોસ્ટ ગ્રેડ્યુએશન (પ્રોગ્રામ ઈન ડેટા સાયન્સ એન્ડ બિઝનેસ એનાલિસ્ટીક્સ) તથા માસ્ટર ઑફ સાયન્સ (ડેટા સાયન્સ)ની ડિગ્રી પ્રાપ્ત કરી છે.


**ઈન્નાલિલ્લાહે...**





ઈલોલ (પહાડીયા)નિવાસી **મર્હૂમા મો.રસૂલબેન ઈસ્માઈલભાઈ ગોદડ** મુ.તા. ૨૨, સફર-૧૪૪૭ તા.૧૭/૦૮/૨૦૨૫ને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યાં છે. ⟶

⟵ સાથળનિવાસી **મર્હૂમ આશિકઅલી ગુલામભાઈ મોમિન** મુ.તા. ૦૮, રબી.અવ્વલ-૧૪૪૭ તા.૦૧/૦૯/૨૦૨૫ને સોમવારના રોજ ૪૭ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે.



બાદરગઢનિવાસી **મર્હૂમ મો.હબીબભાઈ દોસનભાઈ નાંદોલીયા (ઢાબરા)** મુ.તા. ૨૩, રબી.અવ્વલ-૧૪૪૭ તા.૧૬/૦૯/૨૦૨૫ને મંગળવારના રોજ ૮૧ વર્ષની વયે અલ્લાહ તઆલાની રહમતે પહોંચ્યા છે. ⟶

અલ્લાહ તઆલા તમામ મર્હૂમને ગરીકે રહમત કરે, અને તેમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફરમાવે, આમીન.

**ગડમથલ નં.૩૮૯નો ઉકેલ**

<u>આડી ચાવીઓ:</u> (૧) મહેરબાન (૫) પયગામ (૯) જઝબાત (૧૧) દરાર (૧૨) શરાબ (૧૪) તારીખ (૧૫) રહ (૧૬) બતક (૧૭) શબાબ (૧૮) તલાક (૨૧) ઝિરહ (૨૩) અહમદ (૨૫) ખાદિમ (૨૭) મદદ (૨૮) વફા (૨૯) આસ (૩૦) દમ (૩૨) તઅબ (૩૪) ફખ્ર (૩૬) દીવાર (૩૭) અમાનત <u>ઊભી ચાવીઓ:</u> (૧) મહેશર (૨) રજબ (૩) બાઝ (૪) નબાતાત (૬) યદ (૭) ગારા (૮) મરહબ (૧૦) તરીકત (૧૩) રાહત (૧૬) બતક (૧૭) શબીહ (૧૯) લાઝિમ (૨૦) સખાવત (૨૨) હમસફર (૨૩) અદબ (૨૪) મરદ (૨૬) દિફાઅ (૩૧) મનાત (૩૩) બદી (૩૫) શમા


Trusted Since
2014
MARVEL
JEWELLERS
દરેક પ્રસંગની ઉજવણીને
ભવ્ય બનાવો
નવીન અને આકર્ષક
ડીઝાઇન્સ સાથે
વર્ષોનો વિશ્વાસ
100% BIS હોલમાર્ક
100% બાયબેકની ગેરંટી
મારવેલ જ્વેલર્સની મેનેજમેન્ટની શાખાઓ
મુંબઈ
દુ.નં. 3/એ, હરયુ સિંધ બહાર કો.ઓ. સોસાયટી, ફીશ માર્કેટની નજીક, બહેરામ બાગ રોડ, જોગેશ્વરી, મુંબઈ-400102
+91 99205 56429
સિદ્ધપુર
દુ.નં. 38-39, શ્લોક એમ્પાયર, તાવડીયા ચાર રસ્તા, સિદ્ધપુર-384151
+91 73595 70530
છાપી
દુ.નં. 2, સાગર કોમ્પ્લેક્ષ, પીરોજપુરા રોડ, છાપી હાઈવે-385210
+91 76988 29593
વદાણી
પ્રોપર્ટી નં. 1/291-292-293, સુપર માર્કેટની બાજુમાં, વદાણી-મેસર રોડ, લક્ષ્મીપુરા, જી. પાટણ - 384265
+91 63571 60571
અમદાવાદ
દુ.નં. 26, હિમાલીયા ફલકનુમા, રોયલ અકબર ટાવરની પાછળ, APMC - સરખેજ રોડ, જુહાપુરા, અમદાવાદ - 380055
+91 70695 70530
સુરત
HAYATT JEWELLERS
ગ્રાઉન્ડ ફ્લોર, શોપ નં. 1-2-3, બ્લોસમ એવન્યુ, અડાજણ પાટીયા, સુરત પીન-૩૯૫૦૦૯
+91 87805 30370
www.marveljewellers.com
info@marveljewellers.com

# જાફરી આવાઝ(માસિક)ને મળેલ ડોનેશનની યાદી

રૂા.૫૦૦૦૦/- યૂસુફભાઈ નૂરભાઈ મોમિન (હાઈકોર્ટ) (નડીયાદ-અમદાવાદ) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.) અને હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) તથા મર્હૂમા કમુબેન યૂસુફભાઈ મોમિનની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મર્હૂમ મો.હબીબભાઈ દોસનભાઈ નાંદોલીયા (ઢાબરા) (બાદરગઢ)ના દીકરાઓ તરફથી તેમની રૂહના સવાબ અર્થે.

**મર્હૂમા મો.રસૂલબેન ઈસ્માઈલભાઈ ગોદડ (ઈલોલ પહાડીયા)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૧૦૦૦/- મો.શબ્બીરઅલી ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૧૦૦૦/- મો.મહદીઅલી ઈસ્માઈલભાઈ ગોદડ
રૂા.૨૦૦/- મો.નઝરમોહંમદ શબ્બીરઅલી ગોદડ
રૂા.૨૦૦/- મો.મોહંમદઅલી મહદીઅલી ગોદડ
રૂા.૧૦૦/- મો.ઝફરહુસૈન નઝરમોહંમદ ગોદડ
રૂા.૨૦૦/- મો.ગુલામમોહંમદ કાસમભાઈ ગોદડ
રૂા.૧૦૦/- મો.ઈસ્માઈલભાઈ વઝીરભાઈ ડોડીયા
રૂા.૨૦૦/- મો.સુગરાબેન શબ્બીરઅલી ગોદડ
રૂા.૨૦૦/- મો.તાહેરાબેન મહદીઅલી ગોદડ
રૂા.૧૦૦/- મો.નજમાબેન નઝરમોહંમદ ગોદડ
રૂા.૨૦૦/- મો.સુગરાબેન મીસમઅલી પટેલ
રૂા.૨૦૦/- મો.ઝહરાબેન મુબારકઅલી બલોસપુરા
રૂા.૧૦૦/- મો.ફિઝ્ઝાબેન મંઝૂરહુસૈન ભોવણીયા
રૂા.૧૦૦/- મો.મક્સૂદાબેન શબ્બીરઅલી મતિયા
રૂા.૨૦૦/- મો.ફાતેમાબેન તાહેરઅલી દાવડા
રૂા.૧૦૦/- મો.શાકેરાબેન ઈનામહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.સાજેદાબેન મોહંમદહુસૈન લોઢા
રૂા.૧૦૦/- મો.અસ્મતફાતેમા મંઝૂરઅલી બલોસપુરા
રૂા.૧૦૦/- મો.મકબૂલફાતેમા આબિદહુસૈન બલોસપુરા
રૂા.૨૦૦/- મો.ઝૈનબબેન ગુલામહુસૈન લોઢા
રૂા.૨૦૦/- મો.કુલસૂમબેન હસનભાઈ આગલોડીયા
રૂા.૨૦૦/- મો.ફિઝ્ઝાબેન કમ્બરઅલી
રૂા.૨૦૦/- મો.સહેરાબેન ગુલામમોહંમદ ભોવણીયા
રૂા.૨૦૦/- મો.શીરીનબેન ગુલામમોહંમદ ગોદડ

**મર્હૂમ આશિકઅલી ગુલામભાઈ મોમિન (સાથળ)ની રૂહના સવાબ અર્થે મળેલ ડોનેશન.**

રૂા.૫૦૦/- કડીવાર પરિવાર (સાથળ) તરફથી.
રૂા.૨૦૦/- મોહંમદઅલી ગુલામભાઈ મોમિન
રૂા.૨૦૦/- નઝરઅબ્બાસ ગુલામભાઈ મોમિન
રૂા.૨૦૦/- અબ્બાસઅલી આશિકઅલી મોમિન
રૂા.૨૦૦/- મંઝૂરઅલી મોહંમદઅલી મોમિન
રૂા.૨૦૦/- મોહંમદઅકીબ નઝરઅબ્બાસ મોમિન
રૂા.૨૦૦/- હનીફાબેન મોહંમદઅલી મોમિન
રૂા.૨૦૦/- સલમાબેન આશિકઅલી મોમિન
રૂા.૨૦૦/- હમીદાબેન નઝરઅબ્બાસ મોમિન
રૂા.૨૦૦/- હુસૈનાબેન ગુલામભાઈ મોમિન
રૂા.૨૦૦/- આરેફાફાતેમા આશિકઅલી મોમિન
રૂા.૨૦૦/- શાકેરાફાતેમા આશિકઅલી મોમિન

રૂા.૫૦૦/- મો.ગુલામભાઈ સુલેમાનભાઈ ચૌધરી (દશાવાડા) તરફથી હઝરત મોહંમદ મુસ્તફા (સ.)ની વિલાદતની ખુશાલી પ્રસંગે.

રૂા.૫૦૦/- મો.ગુલામભાઈ સુલેમાનભાઈ

ચૌધરી (દશાવાડા) તરફથી તેમની પૌત્રી શીરીનફાતેમાને જન્મને એક વર્ષ પૂર્ણ થયું તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૨૩૦૦/- મહેરુન્નિસા અબ્દુર્રહમાન મોમિન (લંડન) તરફથી 'જાફરી` આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૨૩૦૦/- મહબૂબઅલી શબ્બીરઅલી મોમિન (લંડન) તરફથી 'જાફરી આવાઝ' (માસિક)ને ઉત્તેજન અર્થે.

રૂા.૫૦૦/- સકીનાબેન અલાદભાઈ મોમિન (નડીયાદ) તરફથી હઝરત પીર સૈયદ મોહંમદ ઝહીરહુસૈન જાફરી (રહ.), હઝરત પીર સૈયદ મોહંમદ મુશાહિદહુસૈન જાફરી (રહ.), હઝરત અલ્હાજ પીર સૈયદ મોહંમદ મુજાહિદહુસૈન જાફરી (રહ.) તથા જાફરી ખાનદાનના મર્હૂમોની રૂહના સવાબ અર્થે.

રૂા.૫૦૦/- સકીનાબેન અલાદભાઈ મોમિન (જગુદન) (નડીયાદ) તરફથી મર્હૂમ અલાદભાઈ હાસમભાઈ મોમિન, મર્હૂમા મરયમબેન હાસમભાઈ મોમિન, મર્હૂમ હાસમભાઈ મેમનજીભાઈ મોમિન, મર્હૂમ મોહંમદઅલી સુલેમાનભાઈ મોમિન (પાડગોલ), મર્હૂમા કુલસૂમબેન ગુલામહુસૈન મોમિન (વસો), મર્હૂમા તાહેરાબેન મહદીઅલી મોમિન તથા દરેક મોમિનીન અને મોમિનાતની રૂહના સવાબ અર્થે.

રૂા.૧૦૦૦/- મો.તાલિબઅલી વઝીરભાઈ ખોરજીયા અને મો.જુબેદાબેન તાલિબઅલી ખોરજીયા (બાદરગઢ) તરફથી તેમના દીકરા મોહંમદહુસૈનની નવસારી કૃષિ યુનિવર્સિટીના કૃષિ અર્થશાસ્ત્ર વિભાગમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે પસંદગી થઈ તેની ખુશાલી પ્રસંગે.

રૂા.૧૦૦૦/- એહસાનઅલી ગુલામમોહંમદ મોમિન (GACL) (વસો) તરફથી મર્હૂમા કુલસૂમબેન બિન્તે ફકીરભાઈ મોમિન તથા તેમના મર્હૂમ કુટુંબીજનો અને દરેક મર્હૂમોની રૂહના સવાબ અર્થે.